# ઈમામની ઓળખ

## ભાગ ૧ લો

લેખક

અલ્લામા નસીરૂદ્દીન નેસીર હુન્ઝાઇ

અનુવાદક

સયરાબ અબુતુરાબી

પ્રકાશક

ખાનએ હિકમત

# ઇમામની ઓળખ

ભાગ ૧ લો

લેખક

અલ્લામા નસીરૂદ્દીન નસીર હુન્ઝાઈ

અનુવાદક

સયરાબ અબુતુરાબી

પ્રકાશક

ખાનએ હિકમત

રહીમ કોર્ટ, ૩૧૨ ગાર્ડન વેસ્ટ, કરાચી—૫.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# અનુક્રમણિકા


| પ્રકરણ | | પાનું |
|---|---|---|
| | આમુખ | ૧ |
| | અનુવાદકનું નિવેદન | ૮ |
| ૧. | ઇમામ શબ્દની કુર્આની હિકમત | ૧૧ |
| ૨. | ઇમામનો શબ્દાર્થ | ૧૭ |
| ૩. | કિતાબ અને ઇમામ | ૨૧ |
| ૪. | ઇમામે મુબીન | ૨૮ |
| ૫. | ઇમામનું અનાદિ સિધ્ધત્વ | ૩૧ |
| ૬. | ખુદા સાથે ઇમામનો સંપર્ક | ૩૪ |
| ૭. | પરહેઝગારોના ઇમામ | ૩૬ |
| ૮. | ઇમામના રૂહાની ફરઝંદનો દરજ્જો | ૪૧ |
| ૯. | ઇમામ હિદાયતના મૂળ મંડાણ છે | ૪૫ |
| ૧૦. | ઇમામની સબ્ર અને ધીરજનો ભાવાર્થ | ૪૮ |
| ૧૧. | ઇમામના નૂરમાં વસ્તુમાત્રનો સમાવેશ | ૫૦ |
| ૧૨. | નૂરે ઇમામત ખુદાની બોલતી કિતાબ | ૫૨ |


ISW
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# આમુખ

## બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

**ઇન્નલ્લાહા વ મલાએકતહુ યુસુલ્લુના અલન્નબીય્યે યા અય્યુહલ્લઝીના આમેનૂ સલ્લુ અલયહિ વસલ્લિમુ તસ્લીમા (કુર્આને શરીફ સુરહ ૩૩ આયાત ૫૬)**

બેશક અલ્લાહ અને તેના ફરિશ્તાઓ હઝરત નબીએ કરીમ (સલ્અમ) પર સલામો મોકલાવે છે. હે ઇમાનવાળાઓ તમો પણ તેમના પર સલવાત પઢો અને તસ્લીમ કરો. અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહમ્મદ વ વ આલેમોહમ્મદ.

(૧) આ કિતાબ કુર્આને શરીફની એ આયતોના વિવરણ અને તાવીલ પર રચાયેલી છે જેમાં ઇમામ અને ઇમામતનો ઉલ્લેખ મૌજુદ છે. જો કે બાતિનમાં કુર્આને હકીમની કોઇ આયત ઇમામતના ઉલ્લેખ વગરની નથી તો પણ જેમાં ઇમામતનો સ્પષ્ટ ઉલ્લેખ હોય તે આયતો પર જ ચર્ચા કરવામાં આવી છે.

(૨) સુરએ યાસીન (૩૬) આયત ૧૨ ઉપરથી માલુમ પડે છે કે અલ્લાહ તબારક તઆલાએ દરેક બૌધ્ધિક આત્મિક તથા ભૌતિક ચીજોને ઇમામે અકરમ (અ.સ.) ના નુરમાં સમાવી દીધી છે. વળી કુર્આનની હિકમતના સિધ્ધાંત અનુસાર, બધાજ વિષયો ઇમામતના વિષયમાં અને બધા જ શબ્દો ઇમામના શબ્દમાં સમાવી દેવામાં આવ્યા છે. તેથી એ જરૂરી થઇ પડે છે કે એ બધી આયાતે કરીમાની તાવીલને ગ્રંથસ્થ કરવામાં આવે જેમાં ઇમામ અથવા ઇમામો (અઇમ્મા) નો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય.

(૩) જે હકીકતી મોમિનોની આંતર દ્રષ્ટિ રોશન હોય તેઓ આ વસ્તુને સ્પષ્ટ જોઇ શકે છે કે કાયનાત તથા મૌજુદાત (સમસ્ત જડચેતન સૃષ્ટિ) ની વસ્તુ માત્ર આ દુનિયામાં ઇમામ, હયાત અને હાઝર હોવાની ગવાહી આપી રહી છે અને જાહેરી કે બાતિની કોઇ ચીજ એ પુરાવા વગરની નથી.

(૪) જ્યારે આ ઇર્શાદે ઇલાહી સ્પષ્ટ છે કે વસ્તુ માત્ર જાહેર ઇમામ (ઇમામે મુબીન) ના પવિત્ર નુરમાં સમાવિષ્ટ અને ઘેરાયેલી છે તો એ જરૂરી છે કે દરેક ચીજ ઇમામે આલીમુકામની નુરાનીયતના રંગમાં રંગાયેલી નજરે આવે તેથી કુર્આન અને હદીસને અજવાળે વિશ્વની બધી ચીજો એવી જ નુરભરિત દેખાઇ શકે છે.

(૫) અગર હદીસ અનુસાર માની લેવામાં આવે કે સ્વની ઓળખનું ફળ ખુદાની ઓળખાણના સ્વરૂપે જાહેર થાય છે; તો પરિપુર્ણ ઇન્સાનની ઓળખ, એમાં અપવાદરૂપ હોઇ શકતી નથી; કેમકે પરિપુર્ણ ઇન્સાન (ઇમામ) ની ઓળખાળ વગર અપુર્ણ માનવીની ઓળખાણ ખુદા શનાસીનો નમુનો બની શકતી નથી. અને ઇમામની પ્રાથમિક મારિફતથી સ્વની ઓળખ અને એ મારિફતની પરાકાષ્ટાના પ્રકાશમાંજ ખુદાની ઓળખાણ થઇ શકે છે.

(૬) સુરહ કસસની આયત ૮૮ માં અલ્લાહનો આદેશ છે કે **"કુલ્લ શયઇન હાલેકુન ઇલ્લા વજહહુ.** યાને બધી વસ્તુઓ નાશવંત છે માત્ર તે (અલ્લાહ) નો ચહેરો (અવિનાશી છે.)

અહિં ખુદાના ચહેરાનો ભાવાર્થ ખુદાની મારિફત છે અને ખુદાની મારિફત, એ હકીકત છે જે ઇમામની મારિફતમાં સમાયેલી છે. જેમકે હઝરત મૌલાના અલી અલયહિસ્સલામે ફરમાવેલ છે કે **"અના વજહુલ્લાહ ફીસ્સમાવાતે વલઅર્ઝ"** યાને હું જ

આસ્માનો અને જમીનમાં ખુદાનો ચહેરો છું."

(૭) જ્યારે એ વસ્તુ સ્વયં સિધ્ધ છે કે ઇમામે ઝમાન (અ.સ.) ની મારિફત ખુદાની મારિફત છે, તો પછી નિશંક સમસ્ત ખુદાઇ ઇલ્મ—સંપત્તિ પણ તે મારિફતમાં જ સમાયેલી છે. એજ કારણે રસુલે ખુદા સલ્લલ્લાહુ તઆલા અલયહિ વ આલેહિ વસલ્લમે ફરમાવેલ છે કે "જે માણસ પોતાના જમાનાના ઇમામની મારિફત વગર મરી જાય છે તે જાહિલના મોતે મરે છે અને જાહિલનું ઠેકાણું દોઝખની આગ છે!" અર્થાત તે ઇલ્મે ઇલાહીની જન્નતથી વંચિત રહી જાય છે.

(૮) દીને ઇસ્લામ ખુદાને જઇ મળવાનો રસ્તો છે જેને સિરાતે મુસ્તકીમ યાને સીધો રસ્તો કહેવામાં આવે છે. તેની ચાર મંઝિલો છે. જે શરીઅત, તરીકત, હકીકત અને મારિફતનને નામે ઓળખાય છે. સારાંશ કે તેમાં મુખ્ય ઉદ્દેશ યાને ટોચની મંઝિલ તે મારિફતનો દરજ્જો છે.

(૯) રિવાયત છે કે શરીઅતનું રૂપક રાત જેવું છે, તરીકત સિતારાઓની રોશની મિસાલ છે. હકીકત જાણે ચંદ્ર પ્રકાશ જેવી છે અને મારિફત તે સુર્યના પ્રકાશ છે, તેથી મારિફતના અજવાળામાં જ દરેક ચીજની અસલિયત સારી રીતે જોઇ અને જાણી શકાય છે.

(૧૦) મારિફત અને યકીનનો એક જ અર્થ છે અને યકીનના ત્રણ દરજ્જા છે. ઇલ્મુલ યકીન, અયનુલ યકીન અને હકકુલ યકીન. તો પ્રાથમિક મારિફત તે ઇલ્મુલ યકીન છે. માધ્યમિક મારિફત તે અયનુલ યકીન અને પરિપુર્ણ મારિફત તે હકકુલ યકીન છે અને એનું અર્થ નિરૂપણ એ છે કે ઇમામે મુબીનની પ્રારંભિક મારિફત

એક એવું ઇલ્મ છે જે શંકાકુશંકાથી પર અને બિલ્કુલ ચોક્કસ છે. માધ્યમિક મારિફત એટલે એવા દીદાર જે બાતુની આંખથી કરવામાં આવે અને પરિપુર્ણ મારિફત એટલે એવા રૂહાની ચમત્કારિક અનુભવો જેમાં હકીકી મોમિનની ખુદી ઇમામના નુરમાં એવી રીતે ઓગળી જાય છે જેવી રીતે એક નાના સરખા કોલસાની કાળાશ અગ્નિભંડારમાં અલોપ થઇ જાય છે.

(૧૧) ઇમામની ઓળખાણ વગર પયગમ્બર સલ્અમના નુરની મારિફત અસંભવિત છે અને પયગમ્બર સલ્અમના નુર વગર ખુદાની મારિફત અશકય છે. કેમ કે નબુવ્વતનો દરવાજો ઇમામત છે અને અલુહિયત (ઇલાહીઝાત) નો દરવાજો નબુવ્વત છે.

(૧૨) જીવસૃષ્ટિને માટે જીવનના ચાર દરજ્જા મુકર્રર છે પહેલા દરજ્જામાં વનસ્પતિના જીવો છે. બીજા દરજ્જામાં પશુઓના જીવ છે ત્રીજામાં ઇન્સાનના જીવ અને ચોથો દરજ્જો આકાશી જીવોનો છે અને મારિફત. રૂહે કુદસી (પવિત્ર આકાશી આત્મા) માં છે જે સ્વયં, ઇન્સાને કામિલ યાને ઇમામે આલી મુકામ અલયહિસ્સલામનો રૂહ છે.

(૧૩) અગર કોઇ શખ્સ એ સવાલ કરે કે જ્યારે મારિફત, ઇમામના નુરના દીદારને કહેવાય છે તો પછી એવું કેમ ફરમાવવામાં આવ્યું કે જેણે પોતાને (યાને પોતાના આત્માને) ઓળખ્યો તેણે નિશંક ખુદાને ઓળખી લીધો ? તો એનો જવાબ એ છે, કે જે રૂહ ઇમામ અલયહિસ્સલામમાં કાર્યશીલ છે તે જ રૂહ, હકીકતી મોમિનમાં શક્તિ રૂપે સંચરી રહેલ છે, મતલબ કે મોમિનનો પહેલો જીવ વનસ્પતિમાં બીજો જીવ પશુ સૃષ્ટિમાં, ત્રીજો માનવી તરીકે અને ચોથો જીવ રૂહે કુદુસ અર્થાત ઇમામ અલયહિસ્સલામમાંથી પ્રાપ્ત થાય છે. અને એ જ હકીકતી મોમિનને સાચું આત્મબળ પુરૂં પાડે છે.

(૧૪) એવું માની લઇએ કે ઇન્સાનને માટે એ ચારેય રૂહો મુકર્રર છે તો પછી એ પણ માનવું પડશે કે માનવ શરીરમાં એને આવવા માટેના રસ્તા પણ ચાર જ છે. યાને વનસ્પતિનો જીવ અને પશુયોનીનો જીવ શરૂ શરૂમાં નાભિના માર્ગે ને પછી મોઢાને રસ્તેથી દાખલ થતો રહે છે અને અને માનવીય જીવ (રૂહે ઇન્સાની) તથા રૂહે કુદુસ પહેલાં જાહેરી કાનો દ્વારા ને પછી માનસિક કાનો દ્વારા પ્રવેશ કરે છે.

(૧૫) ભૌતિક ભોજન વગર જેમ વનસ્પતિનું ચેતન તથા પ્રાણીજ ચેતન, ઇન્સાનના શરીરમાં પ્રવેશી શકતું નથી; એ જ રીતે રૂહાની ખોરાક વગર માનવીય ચેતન (રૂહે ઇન્સાની) તથા રૂહે કુદ્દુસ (પવિત્ર આત્મા) ઇન્સાનના દિલ અને દિમાગમાં પ્રવેશ નથી કરતાં. અને રૂહાની ખોરાક તે ઇલ્મ અને હિકમતની વાતો છે.

(૧૬) ઇમામ અલયહિસ્સલામના પવિત્ર નૂરથી કૃતાર્થ થઇને પોતાની જાતમાં જ જ્ઞાનમય રૂહ (રૂહે કુદસી) પ્રગટ કરવાનો તરીકો એ છે કે ઇમામેઝમાનનાં ઇલ્મી તથા અમલી ફરમાનો પર અમલ કરવામાં આવે અને તેમની પ્રસન્નતાને બધી ચીજો પર સરસાઇ આપવામાં આવે.

(૧૭) ઇમામ શાનાશીની મૂળભુત શરત 'પૂર્ણશ્રદ્ધા' છે કેમકે સાચી શ્રદ્ધા (અકીદત) વગર ઇમામ (અ.સ.)ની મારિફત નથી થઇ શકતી અને સાચી શ્રદ્ધાને માટે સામાન્ય રીતે નાનપણથી જ મઝહબી તાલીમ અને મઝહબી વાતાવરણ જરૂરી છે.

(૧૮) ઇમામ શનાસીની બીજી શરત ઇમાનની દુરૂસ્તી અને મૌલાની મોહબ્બત છે. મહોબત એ અકીદાની ઉચ્ચતાનું પ્રતીક છે અને એ ઉચ્ચતા ઇમામેઝમાન અલયહિસ્સલામની ફરમાન-બરદારીથી પ્રાપ્ત થાય છે.

(૧૯) ઇમામ શનાસીની ત્રીજી જરૂરી શરત ઇમામેઝમાનનો ઇશ્ક છે જે મોહબ્બતનું શુદ્ધ અને સર્વોચ્ચ સ્વરૂપ છે અને તે સરકાર મૌલાના હાઝર ઇમામ (અ.સ.)ની જાહેરી તેમજ બાતુની ખુબીઓથી પરિચિત થવાથી પ્રાપ્ત થાય છે કેમકે કોઇ શખ્સ, કોઇ અન્ય વસ્તુ કે વ્યક્તિ પર ત્યાં સુધી મોહિત નથી થઇ શકતો, જ્યાં સુધી કે તેનાં રૂપગુણને જોઇ ન લ્યે અથવા કોઇ સત્યવકતા કનેથી એ સાંભળી ન લે.

(૨૦) અગર મોમિનના દિલમાં ઇમામે ઝમાનના ઇશ્કની જવાળા પ્રગટ થવા લાગે તો તે એનાં વાણી અને વર્તન દ્વારા વ્યકત થયા વગર રહેતી નથી અને એ પછી તે પોતે જ જણાવી દે છે કે ઇમામ શનાસીના માર્ગમાં કેવી રીતે આગળ વધી શકાય છે.

ઉપરોક્ત મુદ્દાઓનો સાર એ છે કે ઇમામશનાસી વગર રૂહાની ઉદ્દેશ પ્રાપ્ત થઇ શકતો નથી અને આ પાક મઝહબમાં જે કંઇ ખુબીઓ છે એ બધી જ ઇમામ શનાસીમાં સમાયેલી છે. વળી પ્રસ્તુત હકીકતોથી એ સ્પષ્ટ થાય છે કે ઇમામ શનાસીનું સાધન પણ હયાત ને હાઝર નાઝર ઇમામ અલયહિસ્સલામ પોતે જ છે. મોમિનની ફરમાનબરદારી તેમને ખાતર જ હોવી જોઇએ.

જેવું કે કહેવામાં આવ્યું કે ઇમામે વક્ત (અ.સ.)નો ઇશ્ક ત્યારે જ જાગે છે જયારે કે માણસ એમની અનુપમ ખુબીઓ નિહાળે અથવા તો કોઇ સત્યવક્તા કનેથી સાંભળે તેથી આ કિતાબ લખવાનો હેતુ એ જ છે કે હકીકી મોમિન, ઇમામે આલી મુકામ અલયહિસ્સલામના જ્ઞાન વિજ્ઞાન તથા રૂહાનિયત તેમ જ નૂરાનિયતથી પરિચય મેળવે કે જેથી તેનામાં ઇમામે ઝમાન (અલયહિસ્સલામ)નો ઇશ્ક જાગૃત થાય અને એ પવિત્ર તથા અતિ નિર્મળ નૂરાની ઇશ્ક વડે તે દુનિયા તથા આખેરતની અમર સંપતિ પ્રાપ્ત કરી શકે.

અંતમાં પરવરદિગારે આલમની હુઝૂર પુરનૂરમાં અતિ આધિનતાથી આજીજી છે કે તે મહાન ઝાત પોતાની અપરંપાર કૃપાદૃષ્ટિથી સમસ્ત મોમિન ભાઇબહેનોને ઇમામશનાસીની અનંત સંપતિથી શ્રીમંત બનાવે તેઓને આખરઝમાનાના ફિત્નાથી બચાવી લ્યે. તેઓને જાહેરી તથા બાતુની ન્યામતોની નવાજીશ કરે અને દુનિયા તથા આખેરતનું સદ્ભાગ્ય ઇનાયત કરે.

**આમીન યા રબ્બલ આલમીન.**

ફકત
ઇમામેઝમાનનો એક નમ્ર ગુલામ
**નસીરૂદ્દીન નસીર હુન્ઝાઇ**

**૨૧ જમાદીઉસ્સાની હિ.સ. ૧૩૯૨ બુધવાર**
**તારીખ ૨ ઓગસ્ટ ૧૯૭૨**

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# અનુવાદકનું નિવેદન

વર્તમાન સમયના મહાન ઇસ્માઇલી દાઇઓમાં અગ્રગણ્ય એવા અલ્લામા નસીરૂદ્દીન હુંઝાઇ સાહેબથી અપરિચિત હોય એવા બહુ જ જવલ્લે જ કોઇ ઇસ્માઇલી જગત પર જોવા મળશે. કેમકે અલ્લામા સાહેબ પોતાની ઇલ્મી પ્રતિભા વડે પોતાની કિતાબો સ્વરૂપે જગતભરની જમાતોમાં પહોંચી ગયા છે. અહિં જમાતનો અર્થ ઇસ્માઇલી જમાત જ સમજવો અને એ જ અર્થ સાચો છે. જેમકે કહેવાયું છે કે "યદુલ્લાહિ મઅ જમાત" યાને જમાત પર અલ્લાહનો હાથ છે. તો બીજા શબ્દોમાં કહીએ તો જે સમુહને અલ્લાહનો હાથ (યદુલ્લાહ) યાને હઝરત મૌલાના મુર્તુઝા અલી અલયહિસ્સલામની અને તેમના પવિત્ર પરિવારમાં પ્રકાશી રહેલા ઇમામતના ત્રિકાલાબાધિત પ્રકાશની શનાખ્તનું સદભાગ્ય પ્રાપ્ત થયું હોય એ જ સાચા અર્થમાં "જમાત" છે.

Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

તો જગતભરની જમાતોમાં ઇલ્મીગ્રંથો દ્વારા અક્ષર સ્વરૂપે પહોંચી ગયેલા અલ્લામા નસીર સાહેબનાં સંખ્યાબંધ પુસ્તકોના જગતની વિવિધ ભાષાઓમાં અનુવાદો થયા છે. ૧૯૭૭માં અલ્લામા સાહેબ કેનેડાના પ્રવાસે પણ ગયેલા અને ત્યાંની જમાતોને ઇમાન અકીદત ભરી ઇલ્મ તથા ઇશ્કે અલીનાં અજવાળાંથી ઝળાંઝળાં કરી આવ્યા હતા.

તેમના બૃહદ પુસ્તક "ઇમામશનાસી"ના ત્રણેય ભાગનો અનુવાદ—જે ૨૧મી માર્ચ ૧૯૭૮ નવરોઝના મુબારક દિવસે આરંભાયો હતો તે, સરકાર મૌલાના હાઝર ઇમામ અલયહિસ્સલામની અપરંપાર કૃપા તથા દયા અને મહેરબાનીથી તેવણ સરકારની અતિ પવિત્ર ઇમામતના વાર્ષિક ઉત્સવના જ દિવસે અર્થાત ૧૧મી જુલાઇ ૧૯૭૮ ને વાર મંગળ, હિ.સ. ૧૩૯૮ ને શાબાન તારીખ ૪ યાને "વિલાદતે શાહે શહીદાન" અલયહિસ્સલામના બીજા દિવસે સંપૂર્ણ થયો એ બદલ ખુદાવંદના અપરંપાર એહસાનો અને શુક્રાના અદા કરૂં છું કે મારા જેવા એક અલ્પમતિ અને અ-વિદ્વાન માણસ દ્વારા અલ્લામા નસીરૂદ્દીન સાહેબ જેવા ઇલ્મના ભંડારની એક પેટી જેમાં ત્રણ પેટા ખાનાંઓ છે તેના ખજાનાથી મોમિનોનાં મનમાનસ તથા ગુજરાતી ભાષાને, સમૃધ્ધિનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું.

અનુવાદનમાં ક્ષતિઓ તથા ત્રુટિઓ હશે જ; પણ કોઇ એમ ન માની લ્યે કે તે મૂળ પુસ્તકમાંથી સદાબરી ઊતારી લીધી છે. નહિ, બલ્કે એ ત્રુટિઓ અનુવાદકની જ અલ્પજ્ઞતા, તુચ્છ બુદ્ધિ અને સંકુચિત વૃતિનો પરિપાક સમજવો અને જે કંઇ સુંદર, સુસંસ્કૃત અલંકૃત અને રસપ્રદ જણાય તેને મારા મૌલા—હઝરત સાહેબે ઝમાન સરકાર ધણી સલામત દાતાર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામ અલયહિસ્સલાતો વસ્સલામની અનહદ કૃપા અને રેહમતના રત્નાકરનાં તથા મહેરના મહેરામણનાં

મહામુલ્યવાન મોતી જ સમજવાનાં છે, જે એ અનંત ઇલ્મના મહાસાગરે ભરતીએ ચઢીને પોતાના અખૂટ ખજાનામાંથી ઉછાળી દીધાં છે.

ઇલ્મના એ મહાસાગર સમક્ષ તો હઝરત મૂસા અલયહિસ્સ-લામને ઇલ્મ શીખવનારા હઝરત ખિઝર અલયહિસ્સલામ પણ હજુ વિદ્યાર્થી છે તો પછી મારા જેવા અલ્પમતિ અને અબોધ લેખકની તો હૈસિયત જ શી છે?

**મૂસાસે કહા ખિઝરને, કતરા હય મેરા ઇલ્મ**
**ઔર ઇલ્મે અલી હય તો સમંદરકે બરાબર**

—સચરાબ અબૂ તુરાબી

૧૧–૭–૧૯૭૮ ઇદે ઇમામત

૧૧–ફોરબેલા,
આલ્ફ્રેડ સ્ટ્રીટ,
ગાર્ડન વેસ્ટ, કરાચી.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science ... for a united humanity

# "ઇમામ" શબ્દની કુર્આની હિકમત

"ઇમામ" શબ્દ કુર્આને હકીમમાં વિવિધ જગ્યાએ એક–વચન અથવા બહુવચનમાં કુલ્લે બાર (૧૨) વખત આવેલો છે. જે જે આયતોમાં એ શબ્દનો ઉલ્લેખ તથા તેના અર્થ કે ભાવાર્થ પ્રત્યે ઇશારો કરવામાં આવ્યો છે એ બધી જ આયતો પર સર્વાંગી રીતે સમજદારીથી ચિંતનમનન કરવામાં આવે તો એથી સારી રીતે સમજી શકાય છે કે અલ્લાહતઆલાએ પોતાની કિતાબે અઝીઝમાં ઇમામશનાસીની હકીકતો કેવી વિસ્તૃત રીતે સમજાવી દીધી છે અને એ ઇમામતના વિષયમાં કેટલી વિશાળ અર્થસંપતિ ધરાવે છે કે કુર્આની હિકમતની ભવ્ય સૃષ્ટિ મૂળભુત રીતે એ જ ઇમામતના વિષયમાં સમાઇ ગઇ છે. કેમ કે ઇમામેઆલી સિફાત અલયહિસ્સલામનું પાક નૂર સર્વ હકીકતોની હકીકત છે તેથી ઇમામ (અ.સ.)ની હકીકતરૂપી છત્ર હેઠળ સમસ્ત જડચેતન સૃષ્ટિનું જ્ઞાન જાણે આશ્રય પામી રહ્યું છે તેથી અમે અહિં ક્રમવાર એ બાર આયતોનું વિવરણ કરીશું જેના અર્થ અને ભાવાર્થમાં "ઇમામ" શબ્દની અસંખ્ય હિકમતો સમાયેલી છે.

સૂરહ બકરહની આયત ૧૨૪માં સમસ્ત સૃષ્ટિના પરવરદિગારે ફરમાવ્યું કે; **"વ ઇઝિબ્તલા ઇબ્રાહીમા રબ્બોહુ બિકલિમાતિન ફઅતમ્મહુન્ન : કાલા ઇન્ની જાએલોકા લિન્નાસે ઇમામા."** અર્થાત : (એ સમય યાદ કરો) જ્યારે ઇબ્રાહીમના પરવરદિગારે અમુક કલેમા (શબ્દો–વાકયો) વડે તેમની પરીક્ષા લીધી, જેમાં તે પૂરા ઉતર્યા તો (ખુદાએ) ફરમાવ્યું કે હું તમને મનુષ્યોના ઇમામ બનાવું છું.

અહિં એ સવાલ જરૂર થવો જોઇએ કે અલ્લાહતઆલાએ જે કલિમા (શબ્દો) વડે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામની પરીક્ષા લીધેલી, એ કઇ જાતના કલમા હતા અને એ પણ પૂછવાની વાત છે કે હ. ઇબ્રાહીમ (અ.સ.) પયગમ્બર હતા કે ઇમામ? જો એમ કહેવામાં આવે કે તેવણુ એ બન્ને પદવી પર વિરાજતા હતા તો પછી સવાલ ઊભો થશે કે તેઓ પ્રથમ પયગમ્બર બન્યા કે પહેલાં ઇમામ બન્યા? અગર જવાબ મળે કે તેઓ પહેલે પયગમ્બર હતા, પછી ઇમામ બન્યા. તો પછી તેનું સ્પષ્ટિકરણ કરવું પડશે. વળી એક સવાલ એ પણ ઊભો થશે કે હઝરત ઇબ્રાહીમ (અ.સ.) આખી દુનિયાના મનુષ્યો માટે ઇમામ કેવી રીતે થયા? મતલબ કે જગતના બધા જ ખંડો તથા દેશોમાં તેમણે કેવી રીતે તબ્લીગ તથા દાવતનું કાર્ય બજાવ્યું? અને એ પણ એવા જમાનામાં કે જ્યારે સંદેશાવ્યવહારનાં સાધનો સાવ મર્યાદિત હતાં.

જાણવું જોઇએ કે એ કલમા, જે વડે હ. ઇબ્રાહીમ [અ.સ.]નું પરીક્ષણ કરવામાં આવ્યું તે શારીરિક તેમજ રૂહાની હુદ્દ (દરજ્જા અથવા પદવી)ના સ્વરૂપમાં અલ્લાહતઆલાના મહાન નામો (અસ્માએ અઝઝામ) હતાં. દા.ત. પ્રાથમિક ઇસ્મમાં હઝરત આદમ (અ.સ.)ની રૂહાનિયત હતી. બીજામાં હઝરત નૂહ (અ.સ.)ની રૂહાનિયત હતી. ત્રીજામાં હ. ઇબ્રાહીમ (અ.સ.)ના ભુતકાળ તથા ભવિષ્ય પર રોશની નાખવામાં આવી હતી. ચોથામાં હ. મૂસા (અ.સ.)ના તમામ રૂહાની બનાવો તથા ચમત્કારો બતાવવામાં આવ્યા હતા. પાંચમા ઇસ્મમાં હ. ઇસા (અ.સ.)ની રૂહાની જીંદગી દર્શાવવામાં આવી હતી. છઠ્ઠામાં હઝરત મુહમ્મદ (સલ્અમ)ના રૂહાની જમાનાનું આદર્શન કરાવવામાં આવ્યું હતું અને સાતમા ઇસ્મ અથવા

કલમામાં હઝરત કાયમુલ કિયામત અલયહિ અફઝલુતહિયત વસ્સલામ ના રૂહાની ચમત્કારો છુપાયેલા હતા. વળી એ દરેક ઇસ્મની સાથેસાથ તેની હકીકતોનાં રૂહાની રૂપકો પણ મોજુદ હતાં કે અકલેકુલ્લ, નફસેકુલ્લ, જદ, ફત્હ અને ખયાલ કેવી દૈવી રીતે પવિત્ર નબીઓ તથા ઇમામો (અલયહિમુસ્સલામ)ની સહાય તથા સેવા કરતા રહે છે, તેનું જ્ઞાન હતું.

અત્રે એ યાદ રહે કે ખુદાવંદતઆલાએ પહેલાં હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને નબુવ્વત તથા રિસાલતની પદવી પર સ્થાપિત કર્યા અને પછીથી ઇમામતની મસ્નદ પર આરૂઢ ફરમાવ્યા. ઇમામને આલિયા (સર્વોચ્ચ ઇમામત)ના કેટલાય દરજ્જાઓ છે જેમાંથી અમુક દરજ્જાઓ નબુવ્વતથી પહેલાં ને અમુક પછીથી આવે છે કે જેથી ઇમામ અ.સ., સમયના સંજોગો અનુસાર તેમાંથી અમુકઅમુક દરજ્જાઓમાં ઝહુર ફરમાવતા રહે.

હ. ઇબ્રાહીમ (અ.સ.) અલ્લાહતઆલા તરફથી બધા જ માનવીઓને માટે ઇમામ તરીકે નિયુકત થયા તેના અનેક અર્થો છે. પહેલો અર્થ તો એ કે તેવણ, હઝરત આદમ (અ.સ.)થી પોતાના જમાના સુધી થઇ ગયેલા બધા જ લોકોના ભુતકાલીન ઇમામ હતા. બીજા અર્થમા તેઓ પોતાના જીવન દરમ્યાન જ વર્તમાનમાં ઇમામ હતા ત્રીજો અર્થ એકે તેઓ પોતાની વંશપરંપરાના સ્વરૂપે ભાવીમાં પણ ઇમામ થવાના હતા.

આપ (અ.સ.) ભૂતકાળમાં એ રીતે ઇમામ હતા કે હઝરત આદમ (અ.સ.) તથા હ. નૂહ (અ.સ.)ના જમાનામાં થઇ ગયેલા બધા જ પયગમ્બરો તથા ઇમામોની રૂહાનિયતમાં તેવણ (હઝરત ઇબ્રાહીમ)ની રૂહાનિયત બિલ્કુલ એવી રીતે શામેલ હતી. જેવી

રીતે કે તેમની પોતાની રૂહાનીયતમાં એ બધા (બુઝુર્ગવારો)ની રૂહાનિયત સમાયેલી હતી અને એજ અર્થમાં કુર્આનનો ઇર્શાદ થાય છે કે : **ઇન્ન ઇબ્રાહીમ કાન: ઉમ્મતન, કન્તલિલ્લાહિ હનીફા વલમ યકુ મિનલ મુશરેકીન :** બેશક ઇબ્રાહીમ ફરમાનબરદાર ઉમ્મત હતો. બિલ્કુલ અલ્લાહ તરફ એકાગ્ર તે કંઇ શિર્ક કરવાવાળાઓમાંનો નહોતો.

ઉમ્મતનો અર્થ ઇમામ પણ થાય છે અને ઉમ્મત પણ થાય છે. પણ હ. ઇબરાહીમ (અ.સ.)ને અહિં બેઉ અર્થ લાગુ પડે છે કે તેવણ, રેહનુમા તરીકે ઇમામ હતા અને મહાન નબીઓ તથા ઇમામો (અલયહિમુસ્સલામ)ના આત્મા તથા તેમની આત્મીયતાને કારણે તેઓ સમસ્ત ઉમ્મત સ્વરૂપે પણ હતા.

હઝરત ઇબરાહીમ (અ.સ.) પોતાના જીવનના વર્તમાનમાં દુનિયાભરના લોકોના ઇમામ એ અર્થમાં હતા કે દુનિયાના બાર હિસ્સા માનવામાં આવ્યા છે એ દરેકને જઝીરા કહેવામાં આવે છે એ દરેક જઝીરામાં એક હુજ્જતે શબ (રાત્રીના હુજ્જત) અને એક હુજ્જતે રોઝ (દિવસના હુજ્જત) ઉપરાંત ત્રીસ દાઇઓ હમેશા મૌજુદ રહે છે અને પયગમ્બર (અ.સ.) અથવા ઇમામ (અ.સ.) રૂપી હિદાયતના કેન્દ્ર પાસેથી એ હુજ્જતોને ચમત્કારિક રીતે આદેશો મળતા રહે છે.

તો એજ અર્થમાં હઝરત ઇબ્રાહીમ (અ.સ.) પોતાના વર્તમાનમાં સમસ્ત માનવજાતિના ઇમામ હતા. પરંતુ પયગમ્બર અથવા ઇમામ (અલયહિમુસ્સલામ)ની એવી ચમત્કૃતિઓનો સ્વીકાર કરવો એ સામાન્ય માણસોને માટે, જયાં સુધી તે પ્રત્યક્ષ ન

જોવામાં આવે અને જ્યાં સુધી દુનિયામાં રૂહાનિયતનું જ પરિબળ વધી ન જાય ત્યાં સુધી શક્ય નથી.

કુર્આને હકીમમાં ઇર્શાદ છે કે શયતાન, જે જિન્નાત તથા ઇન્સાન બન્ને સ્વરૂપે છે તે લોકોના દિલોમાં વસવસા નાખતો રહે છે. જો શયતાન દૂરના ને નજીકના લોકોનાં દિલોમાં વસવસા નાખીને તેઓને ગુમરાહ કરી શકતો હોય તો બીજી તરફ એ પણ શક્ય છે કે પયગમ્બર અને ઇમામ (અલયહિમુસ્સલામ) પોતાના દુરના ને નજીકના લોકોને સદ્પ્રેરણા પણ આપતા રહે. કેમકે શયતાન ગુમરાહ કરવાવાળો છે અને પયગમ્બર અથવા ઇમામ (અલયહિમુસ્સલામ) સન્માર્ગે દોરવનારા છે.

અગર કુદરતના કાનૂનમાં શયતાનના વસવસા લોકો સુધી પહોંચાડવાની જોગવાઇ હોય અને હાદી (સન્માર્ગે દોરવનાર)ના પ્રેરક વિચારો કોઇ રીતે લોકોના દિલો સુધી પહોંચાડવાની જોગવાઇ ન હોય, તો તો લોકો ઊપર મોટો જુલમ થઇ જાય. અને કયામતના દિવસે લોકોને એ બહાનું મળી જાય કે અમને શા માટે ગુમરાહીના વિચારો ઝીલનારા અને હિદાયતના વસીલાથી વંચિત કરી દેવામાં આવ્યા? પણ એમ નથી. હકીકતમાં પયગમ્બર અથવા ઇમામ (અલયહિમુસ્સલામ) પોતાના હુજ્જતો તથા દાઇઓ મારફત જગતના બધા જ ભાગોમાં રૂહાની અને નૂરાની હિદાયત પહોંચાડતા જ રહે છે અને સદ્પ્રેરણાથી સર્વને કૃતાર્થ કરતા રહે છે.

૬. ઇબ્રાહીમ (અ.સ.) ભાવીમાં સમસ્ત જગતના લોકોના ઇમામ એ અર્થમાં હતા કે જેવી રીતે તેમનામાં ભૂતકાલીન પયગમ્બરો તથા ઇમામોની રૂહાનિયત મોજુદ હતી. એ જ પ્રમાણે

તેમના પવિત્ર વંશજોમાં પણ તેમની જીવંત રૂહાનિયત મૌજુદ હતી. મૌજુદ છે અને રહેવાની છે. જેવું કે કુર્આને શરીફમાં ફરમાવવામાં આવ્યું છે કે "અને મારા પછી આવનારા લોકો વચ્ચે સચ્ચાઇની એક ઝબાન મુકર્રર ફરમાવી દે" (૨૬/૮૪) આ વિનંતી હઝરત ઇબરાહીમ અલયહિસ્સલામે ખુદાવંદતઆલા સમક્ષ કરી હતી. જેના જવાબમાં અલ્લાહે ફરમાવ્યું તેણે (યાને ઇબરાહીમે) તે (યાને નબુવ્વત તથા ઇમામતનું) વચન પોતાની ઓલાદમાં બાકી રાખ્યું." (૪૩/૨૮)

હ. ઇબરાહીમ (અ.સ.)મે નબુવત તથા ઇમામતં રૂપી અમર વચન પોતાના વંશજોમાં કાયમ રાખ્યું એ ઉપરથી આ પ્રકરણના પૂર્વાર્ધમાં આવેલી વાતની સચ્ચાઇ સાબિત થઇ ગઇ કે અલ્લાહ-તઆલાએ જે કલમા (શબ્દો કે વાકયો) દ્વારા ઇબરાહીમ (અ.સ.)ની પરીક્ષા લીધેલી તે અલ્લાહતઆલાનાં જીવતાં જાગતાં નામો હતાં જે નબીઓ ઇમામો તથા ફરિશ્તાઓનાં રૂહાની સ્વરૂપે હતાં (એ બધા પર ઉતમોતમ સલવાત).

તાત્પર્ય કે હઝરત ઇબરાહીમ (અ.સ.) કે જે ખુદાના ખલીલ (દોસ્ત) હતા તેઓ એ જ અર્થમાં સમસ્ત જગતનાં લોકોના ઇમામ થયા. જ્યારે એ વાતને માની લેવામાં આવે કે ઇમામતનું નૂર એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ઉતરતું આવે છે ને દુનિયામાં મોજુદ છે તો એ પણ માનવું જરૂરી થઇ પડે છે કે એ જ નૂરે ઇમામતથી બધા જ હુજ્જતો તથા દાઇઓ દ્વારા સમસ્ત જગતને હિદાયત મળતી રહે છે.

## પ્રકરણ ૨ જું

# "ઇમામ"નો શબ્દાર્થ

સૂરહ તૌબાની બારમી આયતમાં ઇર્શાદ છે કે "અગર તેઓ કરારભંગ કરી પોતે લીધેલા સોગન તોડી નાખે અને તમારા દીન સામે મેણાંટોણાં મારે તો તમે પણ કુફ્રના સરદાર સામે યુધ્ધ કરો કે જેથી તેઓ સીધા થઇ જાય. નિશંક તેઓ એવા છે કે તેઓના સોગન સાવ નિરર્થક છે".

આ આયતે કરીમાનો હિકમત સભર ભાવાર્થ એ છે તેમાં કાફિરોના સરદાર સામે જંગ કરવાનો આદેશ છે, તેથી જ્યાં સુધી કુફ્રના સરદારના મુકાબલામાં ઇમાનના સરદાર મોજુદ ન હોય ત્યાં સુધી આ ઇલાહી આદેશનું પૂર્ણપણે પરિપાલન થઇ શકતું નથી. અગર કહેવામાં આવે કે અત્યારે તો ઇમાનનો એવો કોઇ સરદાર મોજુદ નથી કે જે આખી દુનિયાના મુસલમાનોને સંગઠિત અને વ્યવસ્થિત કરી શકે, તો એનો અર્થ એ જ થશે કે નઉઝુબિલ્લાહ ખુદા સાવ એવી એવી બાબતો વિષે ફરમાવે છે જે સાવ અશક્ય છે, યા તો એનો અર્થ એમ થાય કે આ પ્રકારની જિહાદનો હુકમ માત્ર રસૂલુલ્લાહ સલ્અમના જમાના પૂરતો જ મર્યાદિત હતો!! પણ એમ કેમ બને કે ખુદાવંદતઆલાએ જિહાદ જેવા એક અહત્વના ને મૂળભુત સિધ્ધાંતને હવે દીનમાંથી ઉપાડી લીધો હોય? આપ પોતે જ વિચાર કરો—શું ખુદાવંદતઆલાનાં આદિલ તથા ન્યાયી હોવામાં એથી આંચ નહિ આવે? ખુદાના અદ્લ અને ઇન્સાફના અજવાળામાં જ આપ વિચાર કરી જુઓ.

આ પ્રકરણની શરૂઆતમાં આપેલી આયતમાં જે ફરમાવવામાં આવ્યું તે ઉપરથી સહેજે સમજાઇ શકે છે કે અગર કુફ્ર અને કાફિરોના સરદારો પણ હોય છે અને તેઓ ન હોય તો દુનિયામાં કુફ્ર અને અંધકાર ફેલાતાં નથી તો પછી તેની વિરૂધ્ધ દીન અને ઇમાનના સરદાર પણ હોવા જ જોઇએ. એવું અવશ્ય માનવું પડશે અને તેમની હાજરી અને મોજુદગી વગર જગતમાં દીન તથા ઇમાનની રોશની ફેલાઇ નથી શકતી.

ઉપરોક્ત આયતમાં હિકમતનો એક મુદ્દો એ પણ છે કે દુનિયાભરના મુસલમાનો એક જ હાઝર નાઝર સરદાર (ઇમામ)ના હુકમ હેઠળ સંગઠિત અને વ્યવસ્થિત થઇ જાય ત્યારે જ ઉપરોક્ત આયતે કરીમાનું પૂર્ણપણે પરિપાલન થઇ શકે છે.

જાહેરી જિહાદ નહિ તો ઇલ્મી જિહાદ કે એવા જ બીજા કોઇ અર્થની જિહાદ—એ દરેક પ્રકારના ધર્મયુધ્ધને માટે પૃથ્વી પરના તમામ મુસલમાનોએ સાચા ઇમામની સરદારી માન્ય રાખવી જ જોઇશે.તે સિવાય છુટકો જ નથી.

અત્યારના દિવસોમાં જગતમાં ઠેર ઠેર મુસલમાનોની પડતી અને દુર્દશાનું કારણ શું છે? શા માટે તેઓ ઠેરઠેર હડધૂત થતા રહે છે? તેનું કારણ કોઇ સમજદાર વ્યક્તિ હશે તે એ જ બતાવશે કે તેઓ સંગઠિત નથી. કેમકે તેઓ પાસે કોઇ કેન્દ્રિય બળ નથી આં હઝરત સલ્અમના જમાનામાં બધા જ મુસલમાનો એક જ સરદાર (રસૂલુલ્લાહ)ના હાથ નીચે તેમના તાબામાં હતા, યાને એ સરદાર રૂપી કેન્દ્ર સાથે સંકળાયેલા હતા. આજે તેઓ પોતાનું કેન્દ્ર ખોઇ બેઠા છે—કેન્દ્રિય બળ કે જે રસૂલ (સલ્અમ) પછી તેમના ઉત્તરાધિકારી આલે રસૂલ અલયહિમુસ્સલામ છે તેમને

વિસરી બેઠા અથવા તેમનાથી ફરી ગયા છે. કેમકે તેઓએ ખુદાઇ રસ્સીને છોડી દીધી અને સદીઓથી પતન તથા દુર્દશામાં આવી પડયા...હાલાંકે ખુદાએ તો એ ભયંકર નાફરમાની અને "આલ"ની અવજ્ઞાનાં ખતરનાક પરિણામોથી બચવા માટે પોતાની કિતાબમાં સ્પષ્ટ ફરમાવી દીધું હતું કે

**"વ અઅ્તસેમુ બિહબ્લિલ્લાહિ જમિઅંવ વ લા તફર્રકુ"**

યાને તમે બધા (મુસલમાનો) એકઠા થઇને અલ્લાહની રસ્સીને દ્રઢતાથી પકડી રાખો અને વેરવિખેર ન થઇ જાઓ (કેમકે તમારા હાથમાંથી એ રસ્સી છુટી જવાનો ખતરો છે)

હવે વેરવિખેર (ફિર્કા ફિર્કા) થઇ જવાનો આરોપ મુસલમાનો ઉપર જ આવે છે ન કે અલ્લાહતઆલાની રસ્સી ઉપર, કે એણે કેમ જબરદસ્તીથી એ બધાને એક કેન્દ્ર પર જકડી ન રાખ્યા?!!! કેમકે ખુદાએ અહિં કંઇ એવું નથી ફરમાવ્યું કે મારી રસ્સી તમને પકડી રાખશે... નહિ! બલ્કે એમ ફરમાવ્યું કે તમે એ રસ્સીને પકડી રાખો અને એકઠા મળીને એ (આલ અને કુર્આન રૂપી ઇમામત)ની રસ્સીને જો પકડી રાખશો તો વેરવિખેર નહિ થઇ જાઓ. અને એ રસ્સી કઇ છે તે વિષે પણ રસૂલુલ્લાહ સલ્અમે વિખ્યાત હદીસે સકલૈનમાં ફરમાવયું કે

**"ઇન્ની તારેકુમ ફીકુમુસ્સકલૈન કિતાબુલ્લાહ વઇ ઇતરત એહલે બૈત. મા ઇન તમસ્સકતુમ બિહિમા લન્તઝિલ્લૂ બઅદી."**

ખચિત હું તમારી વચ્ચે બે ભારી વસ્તુઓ છોડી જાઉં છું અને એ છે અલ્લાહની કિતાબ અને મારી એહલેબૈત (ઇતરત) એ બન્ને ચીજો એક લાંબી રસ્સી માફક છે જેનો એક છેડો અલ્લાહના હાથમાં ને બીજો છેડો તમારા હાથમાં છે. જ્યાં સુધી તમે તેને વળગી રહેશો ત્યાં સુધી કદાપી ગુમરાહ થવાના નથી.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

## પ્રકરણ ૩ જું

# કિતાબ અને ઇમામ

સુરહ હુદની આયત ૧૭માં બારીતઆલા ફરમાવે છે કે :

**અફમન કાન અલા બૅયેનાતિમ્મીન રબ્બેહિ વ યત્લુહુ શાહેદ મિન્હુ વ મન કબ્લેહિ કિતાબુ મૂસા ઇમામંવ વ રહેમતહુ"**

તો શું જે શખ્સ પોતાના પરવરદિગાર તરફથી સ્પષ્ટ દલીલ પર હોય અને તેની પાછળ પાછળ એક સાક્ષી પણ હોય અને તેની પહેલાં મૂસાની કિતાબ (તૌરેત) રૂપી ઇમામ અને રહેમત તેની સચ્ચાઇની બાહેંધરી આપતી હોય, તો એ શખ્સ ઉતમ છે કે બીજો કોઇ ?

આ આયતે કરીમાનું તાત્પર્ય એ છે કે આં હઝરત સલ્અમ પોતાના રબ તરફથી સ્પષ્ટ દલીલરૂપે છે અર્થાત આપ સલ્અમ સાચા પયગમ્બર છે અને તેમની પાછળ પાછળ ચાલનારા હઝરત મૌલાના મુર્તુઝા અલી (અ.સ.), આં હઝૂરના રક્ષક તથા ગવાહ છે અને તે ઉપરાંત એક વધુ ગવાહ વળી હઝરત મૂસા (અ.)ની કિતાબ તૌરેત છે જે, લોકોને માટે રહેમત અને ઇમામ (માર્ગદર્શક) હતી.

અરબી ભાષામાં કયારેક અમુક ચીજને તેના જેવી જ અન્ય વસ્તુ કે વ્યક્તિની ઉપમાએ સંબોધવામાં કે ઓળખાવામાં આવે છે. દા.ત. ઊંટ જે પાણીની મશકો લાવવાના પણ કામમાં આવે છે તેને (ઊંટને) પણ મશક કહેવામાં આવે છે અને આવી

ઊપમાઓ અરબી ઉપરાંત બીજી ભાષાઓમાં પણ મળી આવે છે વળી સુજ્ઞજનો એ પણ જાણે છે કે કુર્આને કરીમમાં આં હઝરત (સલ્અમ)ને ઝિક્રની ઊપમાથી સંબોધવવામાં આવ્યા છે [સુરહ ૬૫/૧૦.૧૧] હાલાં કે ઝિક્ર તો કુર્આનનું નામ છે અને એ અર્થમાં આં હુઝૂર [સલ્અમ]ને પણ કુર્આન કહેવામાં આવ્યા છે અને એ પણ અનેક કારણોસર તદ્દન સુયોગ્ય છે જેમાંનાં કેટલાંક કારણો જાહેરી અને કેટલાંક બાતુની છે તો સ્પષ્ટ થયું કે રૂહાની પેશવા [પયગમ્બર અથવા ઇમામ]ને કિતાબે ઇલાહી અને આસ્માની કિતાબોને પેશવા અથવા ઇમામ કહેવામાં આવેલ છે.

હઝરત મૂસા [અ.સ.]ની આસ્માની કિતાબ યાને તૌરેતને ઇમામની ઊપમા આપવાનું બીજું કારણ એ છે કે દરેક ઇલ્હામી કિતાબ મૂળભુત રીતે એક જીવંત નૂર યાને ઇલ્મ અને હિકમતના આત્મા તરીકે હોય છે અને એ આત્મા હકીકતમાં ઇમામનો જ રૂહ હોય છે. મૌલાના હારૂન [અ.સ.]નો પવિત્ર આત્મા હઝરત મૂસા [અ.સ.] પર રૂહાની કિતાબ સ્વરૂપે નાઝિલ કરવામાં આવ્યો પછી એ રૂહાની હાલતની અભિવ્યકિત કરવા માટે તેને અક્ષર-બદ્ધ સ્વરૂપે લખી લેવામાં આવી એ તૌરેત મુકદ્દસનું પુસ્તક બન્યું. પરંતુ અસલ તૌરેત તો રૂહાની અને નૂરાની સ્વરૂપે મૌજુદ હતી યાને સાચી તૌરેત ઇમામે આલી સિફાત [અ.સ.]ના નૂરથી અલગ નહોતી. જેમકે કુર્આને શરીફમાં ફરમાવેલ છે કે;

**"કુલ મન અન્ઝલલ કિતાબલ્લઝી જાઅ બિહિ મૂસા નૂરંવવ હુદલ્લિન્નાસ તજઅલૂનહુ કરા તયસ તુબ્દુનહા વ તખ્ફુન કસીરા" (૬/૯૨)**

(હે રસૂલ) આપ કહી દો કે જે કિતાબ મૂસા લઇને આવ્યા

હતા તે કોણે નાઝિલ કરી હતી? જે લોકોને માટે નૂર અને હિદાયત હતી જેને તમો લોકોએ કાગળનું રૂપ આપી દીધું ને એમાંથી તમે કંઇક તો જાહેર કરો છો અને બીજું બધું છુપાવો છો."

ઉપરોક્ત પવિત્ર આયતની હિકમત એ દર્શાવે છે કે તૌરેત બે સ્વરૂપે મોજુદ હતી. તેમાંની પહેલી અસલી તૌરેત ઇલ્મ હિકમત તથા હિદાયતના ચમત્કારિક નૂર સ્વરૂપે હતી અને તે હઝરત હારૂન તથા મૂસા (અ.સ.)ના દિલ તથા દિમાગમાં સંચવાયેલી હતી જેનાથી લોકોને હિદાયત મળતી હતી અર્થાત દુનિયાના વિવિધ ભાગોમાં રહેતા હુજ્જતોને પ્રકાશિત વિચારોની પ્રેરણા મળતી હતી ને તેઓ પોતાના હાથ નીચેના દાઇઓ દ્વારા તેનો પ્રચાર અને પ્રસાર કરતા હતા. તૌરેતનું બીજું સ્વરૂપ કાગળ અને અક્ષરોમાં અંકિત હતું એ ઉપરોક્ત આયતે કરીમા ઉપરથી સ્પષ્ટ થાય છે.

હવે ઉપરોક્ત કુર્આની હિકમતના અજવાળે આ વાત સ્પષ્ટ થઇ કે તૌરેત ખચિત જ મૂળભૂત રીતે અને નૂરાની સ્વરૂપે ઇમામ અર્થાત હઝરત મૌલાના હારૂન (અ.સ.)નું નૂર જ હતું આ વસ્તુની વધુ સાબિતી માટે કુર્આને મુકદ્દસની આ આયત જુઓ: "વકઝાલિકા અવહયના ઇલયકા રૂહમ્મિન અમ્રિના મા કુન્ત તદરી મલ કિતાબ વલલ ઇમાન વલાકિન જઅલ્નાહુ નૂરનં અન્નમુદા બિહિ મંયયશાય મિન એબાદના"

(૪૨/૫૨)

અને એ પ્રમાણે અમે આપની તરફ આ કિતાબરૂપી રૂહ

નાઝિલ કરેલ છે. આપને એ ખબર નહિ હતી કે કિતાબ શું છે અને એ પણ ખબર નહોતી કે ઇમાન (ની પરાકાષ્ટા) શું છે. પરંતુ અમે આ (રૂહ)ને એક નૂર બનાવ્યું. જેની મારફતે અમે અમારા બંદાઓમાંથી જેને ઇચ્છીએ તેને હિદાયત કરીએ છીએ"

આ ઇલાહી ઇર્શાદ ઉપરથી માલુમ પડે છે કે કુર્આને હકીમનું પણ એક રૂહાની અને નૂરાની સ્વરૂપ મૌજુદ છે જેને પયગમ્બર અથવા ઇમામનું નૂર કહેવામાં આવે છે.

અગર કોઇ શખ્સ, ઇલ્હામી કિતાબ તથા નૂરની ઉપરોક્ત હકીકત તથા ઓળખાણ પછી પણ એવો સવાલ કરે કે આસ્માની કિતાબ, પયગમ્બર તથા ઇમામના નૂરમાં શી રીતે હોઇ શકે? તો તેનો વિગતવાર અને તર્કસંગત જવાબ એ છે કે જુઓ તમે જ્યારે તમારા કોઇ સગાસ્નેહીને પત્ર લખો છો તો તમારાં પોતાના દિલ અને દિમાગમાંથી તેમાં બધી માહિતી લખો છો તો પણ એ માહિતી અથવા એ બધી વાતો તમારા દિમાગમાંથી કંઇ નીકળી નથી જતી એ તો. તેને અક્ષરબધ્ધ કર્યા પછી પણ તમારા દિમાગમાં હોય જ છે. એ કંઇ કોઇ વાસણમાંની વસ્તુ પેઠે નથી કે જેને બીજા વાસણમાં ઠલવી દેવાથી પેલું વાસણ ખાલી થઇ જાય !

આ ઉપરથી સમજી શકાય છે કે કુર્આનના ઇલ્મ તથા હિકમતનું ચમત્કારિક નુર મોહમ્મદ વ અલી અલયહિમુસ્સલામની પવિત્ર ઝાતમાં ઉદિત થયું હતું એ કુર્આન સ્વરૂપે અક્ષરબધ્ધ કે પુસ્તકાકારે પ્રગટ થવાથી કંઇ ઓછું નહોતું થયું.

અગર એમ સવાલ કરવામાં આવે કે કુર્આન, પયગમ્બર તથા ઇમામ (અ.સ.)ના દિલ–દિમાગથી લખાયું નહોતું પરંતુ અલ્લાહતઆલાએ લોહે મેહફુઝથી આં હઝરત (સલ્અમ) પર

નાઝિલ કર્યું હતું......તેનું કેમ? તો તેના જવાબ એ છે કે નિશંક કુર્આન લોહેમેહફુઝથી જ નાઝિલ કરવામાં આવ્યું હતું પણ તે કેવી રીતે નાઝિલ થયું? કોના ઉપર? અને એ લોહે-મેહફુઝ શું છે? તો જાણવું જોઇએ કે કુર્આન એક જીવંત રૂહ સ્વરૂપે આં હુઝૂર (સલ્અમ)ના હૃદય મુબારક પર નાઝિલ થયું છે કુર્આનના ઉતરાણની વિગતો રૂહાની રહસ્યોથી ભરપૂર છે. ટુંકમાં એમ કે જે વસ્તુ દિલમાં નાઝિલ થાય છે તે જ્ઞાન વિજ્ઞાનનું સ્વરૂપ લઇ લ્યે છે અને તેની સીમાઓ વધુ ને વધુ વિસ્તૃત થતી રહે છે ત્યાંસુધી કે આ સમસ્ત જડચેતન સૃષ્ટિ તેમાં સમાઇ જાય છે. એ મુજબ કુર્આનની રૂહ જે હુઝૂરે અકરમ (સલ્અમ)ની પવિત્ર ઝાતમાં આલમે મલકુત (ફરિશ્તાઓની સૃષ્ટિ) સ્વરૂપે આવી હતી એ ઇલ્મ, હિકમત તથા સદ્પ્રેરણાની એવી જીવતી જાગતી પ્રકાશિત દુનિયા હતી કે જેની અનુશ્રુતિ તથા દિવ્યદર્શનની અભિવ્યકિત અરબી ઝબાનમાં હુઝૂરે અનવરે (સલ્અમે) લોકોને સંભળાવી અને એ જ પ્રમાણે કુર્આને શરીફને હઝરત મૌલાના મુર્તુઝા અલીએ (અ.સ.) અક્ષરબધ્ધ કર્યું. પરંતુ કુર્આનની રૂહ યાને નૂર તો જરાય વધઘટ થયા વગર આં હુઝૂર (સલ્અમ)ની મહિમાવંત મુબારક ઝાતમાં સાંગોપાંગ મૌજુદ હતું.

હવે રહયો સવાલ એ, કે પછી એ નુર અથવા રૂહ જનાબે મૌલાના મુર્તુઝા અલી (અ.સ.)માં શી રીતે આવ્યું તો તેનો જવાબ પણ કુર્આનથી જ મળે છે કે;

**વ કુલ્લ શયઇન અહસયનાહુ ફી ઇમામીમ્મુબીન—(યાસીન ૧૨)**

અર્થાત: વસ્તુમાત્ર અમે સમાવી દીધી છે જાહેર ઇમામમાં.

તો નુરે અલી, ઇમામે મુબીન, કિતાબે મુબીન, ઉમ્મુલ કિતાબ, અને લોહે મેહફુઝ એ બધી મુબારક અને દૈવી ઉપમાઓ ઇમામ [અ.સ.]ના નુરને જ લાગુ પડે છે. ઇમામે ઝમાનના નુર સિવાય બીજી કોઇ ચીજ લોહે મેહફુઝ હોઇ નથી શકતી. આમ તો લોહનો શબ્દાર્થ થાય છે એક મોટી બધી તખ્તી, ધારોકે ખુદા પાસે એક મોટી બધી તખ્તી, પાટી SLATE છે જેમાં બધી જ બાબતો વિગતવાર લખેલી છે તો સવાલ એ થાય છે કે શું એવી કોઇ જાહેરી તખ્તીમાં સમસ્ત સૃષ્ટિની હકીકતો ને વસ્તુમાત્રની વિગતો જાહેરી લખાણ સ્વરૂપે આવી શકે ખરી? દા. ત. અકલ, ભાન, પ્રાણ, ફરિશ્તા અને ત્રિકાળના બધા જ બનાવો તેના અલ્ટાપલ્ટા વગેરે બધું જ કુલ્લ શયઇનમાં આવી જાય છે અને એ બધું લોહે મેહફુઝ અર્થાત ઇમામે મુબીન [અ.સ.]ની ઝાતના પવિત્ર નુરમાં સમાયેલ છે અર્થાત એ બધી જ સમસ્ત સુસ્ટિની જાહેરી બાતુની વસ્તુમાત્ર પર ઇમામે મુબીનનું નૂર પ્રભુત્વ ધરાવે છે.

અત્રે એ જાણવું જોઇએ કે અકલેકુલ્લ તે ખુદાની જીવંત કલમ છે અને નફસેકુલ્લ તે ખુદાની તખ્તી છે વળી એ પણ જાણવું જોઇએ કે અકલેકુલ્લ, મોહમ્મદ (સલ્અમ)નું નૂર છે અને નફસેકુલ્લ મૌલાના અલી [અ.સ.)નું નૂર છે અને કુર્આન અકલેકુલ્લની કલમવડે નફસેકુલ્લની તખ્તી પર રૂહાની રીતે લખાયેલા અક્ષરો છે.

હવે આપ જ કહો કે આં હઝરત સલ્અમના વ્યકિતત્વ પર જે રૂહાની લખાણો અથવા જે કુર્આન નાઝિલ થયું તે કયાંથી થયું? મૌલાના અલીયે આલી સિફાતના નુરથી, જે લૌહે મેહફુઝના નામથી પ્રખ્યાત છે ત્યાંથી જ.

જો કે આં હઝરત (સલ્અમ)નું નુર કલમનો દરજ્જો ધરાવતું હતું પરંતુ કલમે તો અનાદિકાળથી ખુદાના હુકમથી લોહ ઉપર બધું જ લખી નાખ્યું છે અને હવે બધી વસ્તુઓ લૌહે મેહફૂઝ (હઝરત મૌલાના આલી (અ.સ.ની ઝાત)માં સમાયેલી છે. એ પણ સ્પષ્ટ છે કે લખવા માટે કલમની સહાય લેવામાં આવે છે અને વાંચવા માટે તખ્તી સામે જોવાનું હોય છે.

સાંરાશ કે આં હઝરત સલ્અએ મૌલાના અલી [અ.સ.]ના નૂરરૂપી ઉમ્મુલ કિતાબ અને લૌહે મેહફુઝથી ખુદાઇ લખાણની હિકમતનું દર્શન કરેલું હતું. અને આપ ઉપર ત્યાંથી જ પવિત્ર કુર્આનનું અવતૃણ થયું છે.

ISW ES Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

## પ્રકરણ ૪ થું

# ઇમામેમુબીન

સુરહ હિજ્રની આયત ૭૯માં ઇર્શાદ છે કે;

**ફ ઇન્તેકમના મિન્હુમ વ ઇન્નહુમા બિ ઇમામીમ્મુબીન**

અર્થાત: તો અમે બદલો લીધો અને ખચિત એ બન્ને ગામો જાહેર રાજમાર્ગ પર હતાં."

અહિ "ઇમામેમુબીન"નો શબ્દપ્રયોગ જાહેર રાજમાર્ગના અર્થમાં કરવામાં આવ્યો છે.

આ આયતનો જાહેરી ભાગ તો હ. લૂત તથા હ. શુએબ (અ.સ.)ની કોમની બે આબાદીઓ વિષે છે જે લોકો પોતાના પયગમ્બરોનો ઇન્કાર કરવાના અઘોર પાપને પરિણામે ખુદાઇ કહેરનો ભોગ બન્યા હતા, ને એ બન્ને વસતિઓ નષ્ટભ્રષ્ટ થઇ ગઇ હતી. હ. લૂત (અ.)ની કોમ સદૂમ વગેરેમાં અને હ. શુએબ (અ.)ની કોમ મદયનની આસપાસના વિસ્તારમાં રહેતી હતી. એ લોકોનાં નાશ પામેલાં ગામોનાં ખંડિયેરો આજે પણ અરબસ્તાનથી સીરિયાને માર્ગે નજરે પડે છે.

આ પ્રકરણના પ્રારંભમાં લખાયેલી આયતે કરીમામાં તે વિષે જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં ઇમામે મુબીનનો શબ્દ પ્રયોગ જાહેર રાજમાર્ગ તરીકે કરવામાં આવ્યો છે, હિકમતની રૂએ નિશંક ઇમામ અલયહિસ્સલામ પોતે પણ એક પંથ, માર્ગ જ છે યાને કુર્આનની પરિભાષામાં જેને સિરાતિમ્મુસ્તકીમ, (સીધો માર્ગ) (સલામતીનો માર્ગ) વગેરે ઉપમાઓ

આપવામાં આવી છે. આ બધી ઉપમાઓ ઇમામ અલયહિસ્સલામને માટે છે તેનું કારણ એ છે કે માર્ગ અને માર્ગદર્શક અથવા પંથ અને ભોમિયા વચ્ચે પરમાર્થિક દ્રષ્ટિએ કંઇ ભેદ નથી. દીની દ્રષ્ટિએ પણ નૂર (પ્રકાશ)ની મદદથી જ સત્ય પંથની દિશા સુઝી શકે છે.

કુર્આને પાકમાં એક અન્ય જગ્યાએ ઇર્શાદ છે કે;

**ઇન્ન રબ્બી અલા સિરાતિમ્મુસ્તકીમ**

અર્થાત ખચિત જ મારો પરવરદિગાર સિરાતિલમુસ્તકીમ પર છે. મતલબ કે મારિફતના ને હિદાયતના નૂર વડે જ ખુદા મળી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો પવિત્ર ઇમામ (અ.સ.)નુ નૂર જ સીધો માર્ગ છે. જેના ઉપર ખુદાવંદ આલમીન છે.

આ પવિત્ર આયતની એક હિકમત એ પણ છે કે જ્યારે હકીકી મોમિન ઇમામે મુબીન રૂપી સત્યમાર્ગનું અનુસરણ કરે છે તો તે ભૂતકાલીન ઉમ્મતોનાં અસંખ્ય દ્રષ્ટાંતો પોતાની દિલની આંખો વડે જોઇ શકે છે જેમાં કૌમે લૂત તથા કૌમે શુએબના દાખલાઓ પણ શામેલ છે.

ઊપરોક્ત આયતની એક અન્ય હિકમત એ પણ છે કે આંકડાશાસ્ત્રની દ્રષ્ટિએ એકનો આંકડો તે અલ્લાહતઆલાની વેહદતની દલીલ છે અને એ પછી બેની સંખ્યા આવે છે જે વેહદત અને કસરત (એકત્વ અને બહુત્વ) વચ્ચેનો આંકડો છે અર્થાત કે તે, એ બન્નેની સાંકળ અથવા વસીલો છે અને તેની એક વિશિષ્ટતા એ છે કે તે બહુત્વ (કસરત)ને વેહદતની નજીક લાવી મૂકે છે. સારાંશ કે બેની સંખ્યા એવાં બે મહાન વ્યક્તિ—

ત્વો વચ્ચેની એકતાની સુચક છે જે બન્નેનો દરજ્જો ખુદાવંદ-તઆલા પછીનો દરજ્જો છે. જેવી રીતે કે એક પછી તરત બે આવે તેમ ખુદાવંદે આલમીનની વેહદત પછી તેની ઝાતનાં બે મહાન મઝ્હરોનું પ્રકટીકરણ સમજમાં આવે છે અને એ બે મઝ્હરો છે અકલ અને નફ્સ.

તદાનુસાર **"વ ઇન્નહુમા બિઇમામિમ્મુબીન"** (એ બન્ને, ઇમામે મુબીનને કિનારે છે)ની તાવીલ એ છે કે અકલ અને નફ્સ એ બન્ને, ઇમામે મુબીન સાથે સંકલિત છે. કેમકે આલમે હસ્તો બુદ (અસ્તિત્વની દુનિયા) અને હુદૂદે રૂહાની (આત્મિક તબકકાઓ)માં સૌથી ટોચને સ્થાને જે દૈવી હસ્તી હોય છે તે ઇમામે મુબીનની જ ઝાતે પાક છે.

વળી એ પણ જાણવું જોઇએ કે વિશ્વ રચનામાં સૌથી મોટી બે વસ્તુઓમાં એક તો છે અર્શ અને બીજી છે કુર્સી. ઇલ્મે ઇલાહીના વિશ્વમાં બે ઉત્કૃષ્ટ વસ્તુઓ છે લોહ અને કલમ. ઇસ્લામના જાહેરી સ્વરૂપના મૂળમાં પણ બે વસ્તુઓ છે જેમાં એક તો છે કુર્આન અને બીજી આલ ઇતરત. જેનાં બે કેન્દ્રો છે નાતિક અને અસાસ, અર્થાત હઝરત મોહમ્મદ અને અલી અ.સ. પવિત્ર કુર્આને શરીફમાં સુરહ રહેમાનમાં જેને મજમઉલ બહરૈન (બે સમુદ્રો)ની પણ ઉપમા આપવામાં આવી છે. આ ઉપરથી એ વાત સ્પષ્ટ થઇ કે એ બન્નેનું એકત્વ તે ઇમામે મુબીન અલય-હિસ્સલામની જ ઝાતે પાક છે જેમની ઝાતે આલી સિફતમાં વસ્તુમાત્ર સમાયેલી છે.

## પ્રકરણ ૫ મું

# ઇમામનું અનાદિ સિદ્ધત્વ

સુરહ બની ઇસરાઇલમાં ફરમાવવામાં આવ્યું છે કે,

**"યવમાનદઉ કુલ્લ ઉનાસિમ્બિ ઇમામિહિમ" —આયત ૭૧**

તે દિવસે અમે બધા (જમાના) લોકોને તેમના ઇમામની સાથે બોલાવીશું.

આ આયતે કરીમાની હિકમતમાં ઊંડા ઊતરવા માટે પ્રથમ તો "ઉનાસ"નો અર્થ સમજી લેવો જરૂરી છે. તો "ઉનાસ" એ અનીસનું બહુવચન છે જે કુર્આનમાં લોકોના જુથને માટે આવેલ છે. ઉપરોકત આયતમાં પણ ઉનાસ એજ જુથો અથવા કબીલાઓ માટે કહેવામાં આવ્યું છે. સારાંશ કે ઇમામે વકતના સંદર્ભમાં મનુષ્યોને ઉનાસ તરીકે ઓળખવવામાં આવ્યા, જેવી રીતે કે પયગમ્બર સાથે સંકળાયેલાઓને ઉમ્મત અથવા કૌમ કહેવામાં આવ્યા એ મુજબ દરેક નાતિક પયગમ્બરના સમયમાં કેટલાય ઇમામો થતા રહે છે તેથી દરેક જમાનાના ઇમામના લોકોને ઉમ્મત અથવા કોમ નહિ પરંતુ ઉનાસ તરીકે ઓળખાવાય છે.

ઉપરોકત સ્પષ્ટીકરણ અનુસાર ઇમામે આલીમુકામ (અ.સ.) હમેશા દુનિયાના માનવીઓ વચ્ચે મોજુદ રહે છે અને એજ કારણે અલ્લાહતઆલા કિયામતના દિને પોતાના ન્યાયાલયમાં દરેક જમાનાના લોકોને તેમના સમયના ઇમામની સાથે બોલાવશે તે એટલા માટે કે ખુદાએ ઇમામને જગતજનોને માટે હિદાયતના

કેન્દ્ર સ્થાને સ્થાપિત કર્યા છે. અલ્લાહે ઇમામ (અ.સ.)ને લોકોને માટે નજાતના વસીલા રૂપ ઠરાવ્યા છે. પરંતુ મોટા ભાગના લોકો એમને ઓળખતા નથી. ઇમામ (અ.સ.), લોકોના આમાલ પર ગવાહ છે. તેથી ખુદાવંદતઆલા લોકોના સારા નરસાં કર્તવ્યોના બદલામાં ઇનામ અથવા શિક્ષા (જઝા—સઝા)નો ચુકાદો ત્યાંસુધી નહિ આપે, જ્યાં સુધી કે ઇમામ (અ.સ.) તેઓનાં કર્તવ્યો વિશે ગવાહી નહિ આપે.

આ સિધ્ધાંતનું અવલોકન જરૂરી છે કે અલ્લાહતઆલાની અમુક વિશિષ્ટતાઓ પયગમ્બર અને ઇમામ (અ.સ.)ના સંદર્ભમાં છે અને એ વિશિષ્ટતાઓથી પરિચિત થવાનો તરીકો એ કે ખુદાવંદતઆલાનાં ૧૦૦ નામોનું નિરીક્ષણ કરવામાં આવે, પછી પવિત્ર પયગમ્બર (સલ્અમ)નાં ૧૦૦ નામો અને પછી ઇમામ (અ.સ.)નાં ૧૦૦ નામો પર નજર કરવામાં આવે, તેમાં ખુદાવંદ કરીમનાં જે જે ગુણવાચક નામો, પયગમ્બર તથા ઇમામ (અ.સ.)નાં શુભ નામોથી મળતાં આવે એ બધાં અલ્લાહતઆલાનાં ગુણોનાં જાહેરી સ્વરૂપો, પયગમ્બર અથવા ઇમામ (અ.સ.) તરીકે સમજાઇ જશે. દા.ત. ખુદાનું એક ગુણવાચક નામ છે. "અલહાદી" યાને હિદાયત કરનાર; તો એ જ વિશેષ નામ આં હઝરત સલ્અમનું પણ છે અને હઝરત મૌલાના મુર્તુઝા અલી (અ.સ.)નું પણ છે.

તાત્પર્ય કે ખુદા એ અર્થમાં હાદી છે કે તેણે હિદાયતને માટે પયગમ્બર (સલ્અમ)ને મોકલ્યા અને પયગમ્બર (સલ્અમ) એ અર્થમાં હાદી છે કે તેમણે પોતાના જમાનાના લોકોને હિદાયત કરી અને ભવિષ્યના લોકોની હિદાયતને માટે પોતાની આલે અતહરમાંથી ઇમામની નિમણૂક કરી.. આમ હિદાયતનું કાર્ય (હાદીનું વિશેષ નામ) ઇમામ [અ.સ.]ની પવિત્ર ઝાતમાં પરાકાષ્ઠાએ પહોંચ્યું.

એ જ રીતે ખુદાના નામોમાંથી એક નામ છે **અશ્શાહીદ્** યાને ગવાહી આપનાર વળી એ જ નામ પવિત્ર પયગમ્બર તથા ઇમામ [અ.સ.]ને માટે પણ આવેલ છે. તે એ અર્થમાં છે કે ખુદાએ પયગમ્બર [સલ્અમ]ને ગવાહ તરીકે મોકલ્યા અને પયગમ્બરની ગવાહી હઝરત અમીરૂલ મોમેનીન [અ.સ.]એ આપી. એ પછી પવિત્ર પયગમ્બર સલ્અમે ઇમામ [અ.સ.]ને પોતાના પછી લોકોને માટે ગવાહ તરીકે નિયુકત કર્યા. તો લોકોના આમાલ [કર્તવ્યો]ના પરિપૂર્ણ અને સતાવાર સાક્ષી [ગવાહ] ઇમામે આલી મુકામ [અ.સ.] છે અને એ જ કારણે ખુદાવંદ તઆલા કિયામતના દિવસે દરેક જમાનાના લોકોને પોતપોતાના ઇમામની સાથે બોલાવશે.

## પ્રકરણ ૬ ઠું

# ખુદા સાથે ઇમામનો સંપર્ક

સુરહ અંબિયાની આયત ૭૩માં અલ્લાહ તબારકહુ વ તઆલાએ ફરમાવ્યું કે,

**"જઅલ્નાહુમ અઇમ્મતિંયય હદૂના બિ અમ્રિના"**

**અર્થાત અમે તેઓને ઇમામ બનાવ્યા અને તેઓ અમારા આદેશો મુજબ લોકોને હિદાયત કરે છે.**

આ આયતે કરીમાની હિકમત ઉપરથી સ્પષ્ટ થાય છે કે સાચા ઇમામોની નિયુક્તી ખુદ અલ્લાહ તઆલા જ કરે છે અને એ પ્રતિષ્ઠાવંત ઇમામો અલ્લાહ તબારક વ તઆલાની મહેચ્છા અને તેના આદેશ અનુસાર લોકોને હિદાયત કરતા રહે છે. વળી આ આયત ઉપરથી એક અન્ય વાત પણ સ્પષ્ટ થાય છે કે પોતાના આદેશો ફરમાવવા માટે અલ્લાહતઆલા હર વખત ઇમામો (અ.સ.)ને સંબોધન કરતો રહે છે. આ સંબોધનને આપણે ખાસ ખુદાવંદી પ્રેરણા કહીએ કે નૂરાની હિદાયત—જે કંઇ પણ હોય પરંતુ તે દ્વારા દરેક વખતે પવિત્ર અને સાચા ઇમામોને ખુદાવંદી આદેશો સ્થળ કાળ અનુસાર તાજા ને તાજા મળતા રહે છે. ખુદાવંદનો હુકમ ખાસ તેવણ બુઝર્ગવારો માટે વિશિષ્ઠ છે તે કારણે એ ઇમામો એક તરફ તો અલ્લાહતબારક તઆલાના ફરમાનો ઝીલતા રહે છે અને બીજી તરફ એ આદેશો લોકોને પહોંચાડતા પણ રહે છ અને એ જ અર્થમાં તેવણ બુઝર્ગવારો ઉલિલઅમ્ર કહેવાય છે.

ખુદાના અસ્તિત્વનો સ્વીકાર કરનાર દરેક સુજ્ઞજન ચિંતનમનન

દ્વારા આ હકીકતને સમજી શકે છે કે ખુદાવંદ તઆલાના દયાપુર્ણ કાનુનની રૂએ એ બાબત તો તદ્દન અસંભવિત છે કે ખુદા કે જે રહેમાન અને રહીમ છે તો કોઇ પણ જમાનામાં દુનિયાના માનવીઓને માટે પોતાના આદેશોના માધ્યમ [ઇમામે ઝમાન]થી વંચિત કરી દયે. વળી એ પણ અસંભવિત છે કે દુનિયાના બધા લોકો કાંઇ પણ વખતે ખુદાના હિદાયતી કેન્દ્રથી અજ્ઞાત કે અપરિચિત રહે. તેથી એ આવશ્યક હોય છે કે દરેક જમાનામાં ઇમામ (અ.સ.) માનવસ્વરૂપે લોકોની વચ્ચે હાજરનાજર રહે. ચાહે તે નબુવ્વતનો દોર હોય કે ઇમામતનો.

અત્રે એક વાત યાદ રહે કે હઝરત આદમ (અ.સ.)થી લઇને હઝરત ખાતેમુન્નબી [અ.સ.] સુધી જે જમાનો પસાર થયો તેને દોરે નબુવ્વત કહેવામાં આવે છે અને આં હઝરત સલ્અમ પછી કિયામત સુધી જે જમાનો વીતી ગયો કે વીતી રહયો છે તોને દોરે ઇમામત કહેવામાં આવે છે અને એ બન્ને જમાના એ વચ્ચે તફાવત એ છે કે દોરે નબુવ્વતમાં કેટલાક પવિત્ર ઇમામો (અ.સ.) ખુદાના હુકમથી ઇમામતની સાથે સાથ નબુવ્વતની ફરજો પણ બજાવતા રહયા હતા પરંતુ દોરે ઇમામત જે દોરે કિયામત પણ છે, તોથી તેમાં અ.લે મોહમ્મદ [સલ્અમ]ના પવિત્ર ઇમામો માત્ર ઇમામતની જ ફરજો બજાવતા રહે છે ને બજાવતા રહેવાના છે.

## પ્રકરણ ૭મું

# પરહેજગારોના ઇમામ

સુરહ શોઅરાની આયત ૭૪માં ઇમામ—શબ્દ આ રીતે વ્યક્ત કરવામાં આવ્યો છે:

**"વલ્લઝીના યકૂલૂના રબ્બના હબ્બલના મિન અઝવાજના વઝુર્રિયતના વ કુર્રતુલ અયનિંવવ અજઅલ્ના લિલ મુત્તકીન ઇમામા"**

અર્થાત એ લોકો (જેઓ અમને) અરજ કરતા રહે કે હે પરવરદિગાર, અમને અમારી ઓરતો તથા અમારા સંતાનો તરફથી આંખોની ઠંડક અતા કર અને અમોને પરહેઝગારોના ઇમામ બનાવી દે.

આ પવિત્ર આયતે કરીમાની હિકમતમાં જે મુખ્ય મુદ્દો છે તે એ છે કે આ દુઆનો ખાસ સંબંધ અતિ પવિત્રમાં પવિત્ર ઇમામો અલયહિસ્સલામની સાથે છે કેમકે માત્ર એવણ હઝરતો જ એવી અપેક્ષા રાખે છે કે તેઓ વંશપરંપરાગત સ્વરૂપે ઇમામ બની જાય.

આ દુઆમય આયત ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઇમામે બરહક અલયહિસ્સલામ પોતાના પૂત્ર પરિવારના સ્વરૂપે પણ ઇમામ હોય છે. તેથી ઇસ્માઇલીઓની એ માન્યતા સાવ સાચી છે કે હઝરત મૌલાના અમીરૂલ મોમેનીન મૌલાના મુર્તુઝા અલી અલયહિસ્સલાતો વસ્સલામ પોતે જ નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામના

સ્વરૂપે હાઝર નાઝર ને મૌજુદ છે (તેવણ સરકાર પર અસંખ્ય દુરૂદો અને સલામો)

ઉપરોક્ત આયતની હિકમતના અજવાળામાં તર્ક અને જ્ઞાન ધરાવનારાઓને માટે ઇમામતનું સાક્ષાત અને પ્રત્યક્ષ પ્રકટીકરણ મૌજુદ છે અને તે એ રીતે છે કે માત્ર ભૂતકાળમાં જ નહિ પણ વર્તમાન અને ભવિષ્યમાં પણ દરેક ઇમામ પ્રસ્તુત ખુદાવંદી ઇર્શાદ મુજબ પાક પરવરદિગાર પાસેથી એવી જ અપેક્ષા રાખશે ને દુઆ કરશે કે તે પોતાના વંશજોમાં પણ પરહેઝગારોના ઇમામ તરીકે કાયમ રહે અને અનંત કાળ સુધી એ પવિત્ર પરંપરા ચાલતી રહે. અગર ઘણા યુગો પછી આ આ પૃથ્વીરૂપી ગ્રહની આવરદા પુરી થઇ જાય તો અલ્લાહતઆલા નૂરે ઇમામતને કોઇ બીજા ગ્રહમાં પ્રકાશિત કરી દેશે. જેવું કે આરંભમાં આ નૂર બીજા ગ્રહમાંથી નાઝિલ થયું હતું જેને આદમનું અવતરણ (હુબૂતે આદમ) કહેવામાં આવે છે.

પરહેઝગારોના ઇમામ બનવાનો એ અર્થ હરગીઝ નથી કે ઇમામે આલી મકામના અસ્તિત્વ પહેલાં અમુક પરહેઝગાર લોકો મૌજુદ હોય અને પછી તેઓના ઇમામ પેદા થઇ જાય—નહિ! એમ નથી. બલ્કે આનો અર્થ એ છે કે ઇમામે ઝમાનની હિદાયતના પ્રતાપે જ માણસને પરહેઝગારીનો પ્રકાશ પ્રાપ્ત થાય છે અને પછી ઇમામે ઝમાન તેની અપેક્ષાએ ઇમામુલ મુત્તકીન કહેવાય છે બીજા શબ્દોમાં કહીએ તો ઇમામે ઝમાન અલયહિસ્સલામ તો દુનિયામાં આદિ કાળથી છે જ ને તેમના પ્રતાપે જ પરહેઝગારો પણ છે અને પરહેઝગારી પણ છે.

એક બીજી મહાન હિકમત અહિં "ઝુર્રિયત"ના શબ્દમાં

સમાયેલી છે આમ તો ઝુર્રિયતના શબ્દમાં એક નહિ પણ અનેક હિકમતો સમાયેલી છે પરંતુ અહિં અમે સંક્ષિપ્તમાં જ વર્ણવીએ છીએ કે ઝુર્રિયત અને ઝર્રા એક જ મૂળ ધરાવતા શબ્દો છે. (ઝર્રા કહેવાય છે અણુ અથવા Atom ને) અને ઝુર્રિયત તથા દૈહિક વંશજોમાં મોટો ફરક છે અને તે એ છે કે ઝુર્રિયત એવા ઝર્રએ રૂહ (આત્માના અણુ)થી સંકલિત હોય છે જે ઇન્સાનના લોહીમાં પરિભ્રમણ કરતાં હોય છે અને તે માનવજન્મની પહેલાં પણ મોજુદ હોય છે અને એવા ઝર્રાઓને ઔલાદ ત્યારે કહેવામાં આવે છે કે જ્યારે જે જન્મ પામી ચૂકયાં હોય છે આ વાતની સ્પષ્ટ સાબિતી એ છે કે માનવદેહના લોહીમાં જે ચૈતન્ય અથવા પ્રાણનાં અસંખ્ય કણો હોય છે તેને જ કુર્આની પરિભાષામાં ઝુર્રિયત કહેવાવામાં આવે છે જેમ કે કુર્આને કરીમમાં આવેલ છે કે **વ આયતંલ્લહુમ અન્ના હમલ્ના ઝુર્રિય્યતહુમ ફીલ ફુલ્કુલ મશહુન (૩૬/૪૧)**

અર્થાત : અને તેને માટે એ પણ ચમત્કાર છે કે ખચિત અમે તેની ઝુર્રિયત (જીવનનાં અણુઓ)ને એક ભરચક કિશ્તીમાં સવાર કરી દીધા.

મતલબ કે જે મોમિનો હ. નૂહ (અ.સ.)ની કિશ્તીમાં પ્રલય વખતે સવાર થયા હતા તેમના લોહી અને ઓજસમાં તેમનાં પ્રાણનાં અણુઓ ઝૂર્રિયત સ્વરૂપે મોજુદ હતાં.

વળી કલામે રબ્બાનીમાં આ ઇર્શાદ પણ છે કે.

**"વ એઝા ખુઝ રબ્બોકા મિન બની આદમા મિન ઝહુરહુમ ઝુર્રિયતેહિમ" (૭૧/૭૨)**

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

અને જ્યારે તમારા પરવરદિગારે આદમની પુશ્ત (પીઠ) દ્વારા તેની ઝુર્રિયતને લીધી.

આ આયતે કરીમા ઉપરથી સ્પષ્ટ થાય છે કે હઝરત આદમ (અ.સ.)ના પુત્ર પરિવારમાંથી જે જે રૂહો લેવામાં આવી તેમાં સમસ્ત માનવ જાતિના જીવાત્માઓ પણ શામેલ હતા કેમકે એ પ્રસંગે ગફલતની નિદ્રામાં સુતેલા જીવાત્માઓને જે ઉદ્દેશ માટે જાગૃત કરવામાં આવ્યા હતા તે કંઇ અમુક જ જીવાત્માઓની જાગૃતિનો ઉદ્દેશ નહોતો.

સારાંશ કે ઝુર્રિયત એ અનંત અસંખ્ય જીવાત્માઓને કહેવામાં આવે છે જે ઇન્સાનના લોહી અને ઓજસમાં એક પ્રકારની ગફલતની ઊંઘમાં પડેલા હોય છે તેમાંથી માત્ર અમુક રૂહો (અથવા અણુઓ જ) કુદરતના કાનૂન મુજબ ઔલાદ તરીકે જન્મ ધારણ કરે છે અને બાકીના, અલબત એવા જ વિચાર, ધ્યાન, મહોબત તાલીમ અને ભલી દુઆઓ વગેરેની રૂહાની લહરીઓ વડે પોતાનાં કે પરાયાંમાં ફેરબદલ થતાં રહે છે.

અને આ જ બાબતો પવિત્ર ઇમામો (અ.સ.)ની પ્રસ્તુત દુઆઓમાં પણ સમાવિષ્ટ છે કે તેવણ હઝરતોની દ્રષ્ટિએ આંખોની ઠંડક (પુત્ર પરિવાર) બે સ્વરૂપે શકય છે. તેમાં એક તો શારીરિક હોય છે અને બીજું સ્વરૂપ રૂહાની છે. તો મિન અઝવાજેના—"અમારી ઔરતો"ના અર્થમાં પુત્ર પુત્રીઓ પૌત્ર, પ્રપૌત્ર અને ભાવી વંશજોનો ઉલ્લેખ છે કેમકે પત્ની દ્વારા જ વંશવર્ધન થઇ શકે છે. પરંતુ વ મિન ઝુર્રિયતના—"અમારી

ઝુર્રિયતથી"માં માત્ર શારીરિક ઔલાદ જ નહિ પરં તેમના રૂહાની ફરઝંદોનો અર્થ પણ સમાયેલો છે. એ જ કારણ છે કે એ પ્રકારની આંખોની ઠંડકને માટે જે દુઆ કરવામાં આવી છે તેમાં પવિત્ર ઇમામો અલયહિમુસ્સલામની શારીરિક પત્નીઓનો સમાવેશ નથી થતો.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

## પ્રકરણ ૮ મું

# ઇમામ (અ.)નાં રૂહાની ફરઝંદોનો દરજ્જો

સૂરહ કસસની આયત ૫ મીમાં ઇમામ શબ્દ બહુ વચનમાં આવેલો છે અને તે આ પ્રમાણે છે.

**વ નુરીદુના અન્નમુન્નલલઝીના અસ્તુઝઅફુફિલ અર્ઝે વ નજઅલહુમ અઇમ્મતંવવ નજઅલહુમુલ વારેસીન**

અને અમે ઇચ્છતા હતા કે જે લોકોને પૃથ્વીના પટ ઉપર નિર્બળ બનાવી દેવામાં આવ્યા છે તેઓ પર એહસાન કરીએ : તેઓને લોકોના ઇમામો બનાવી દઇએ અને તેઓને એ (ધરતી)ના વારસદાર બનાવી દઇએ.

ઉપરોક્ત આયત જાહેરી રીતે તો હઝરત મૂસા અને હઝરત હારૂન અલયહિમુસ્સલામ તથા તેમના ફરમાનબરદાર મોમિનોના બારામાં છે અને બાતિનમાં બધા જ સત્યધારી ઇમામો તથા તેમના બધા જ રૂહાની ફરઝંદોને માટે છે.

આ આયતનું સ્પષ્ટીકરણ એ છે કે દુનિયામાં ઇમામે આલી સિફાત અલયહિસ્સલામ તથા તેમને માનવાવાળાઓને કમજોર સમજવામાં આવે છે. તેઓ પર અત્યાચારો કરવામાં આવે છે : તેઓ પર દુઃખના ડુંગરો તુટી પડે છે ને તેઓને નષ્ટ–પ્રાય કરી દેવા માટે બધા જ પ્રયાસો કરવામાં આવે છે પરંતુ ખુદાવંદે આલમીનના વિરોધીઓના એવા બધા જ મેલા મનસૂબાઓ માટીમાં મળી જાય છે અને ઇમામ અલયહિસ્સલામ તથા તેમના સાચા મુરીદો પર ખુદા એહસાન કરે છે. ઇમામતની અમરવેલ પાંગરતી

અને ફુલતી ફાલતી રહે છે. ઇમામ અલયહિસ્સલામ તથા તેમના રૂહાની ફરઝંદોને ખુદા જાહેરી અને બાતિની સતા સંપત્તિના વારસદાર બનાવી દે છે અને તેઓને દીન દુનિયાની સરદારી ઇનાયત કરે છે.

જરા ઉંડાણથી વિચાર કરવાથી આપને જણાઇ આવશે કે આ આયતે કરીમાએ હકીકી મોમિનો યાને ઇમામ અલયહિસ્સલામના રૂહાની બચ્ચાંઓને ઇમામતના દરજ્જામાં શામેલ કરી દીધા છે અને તેમાં કંઇ શંકા નથી. કેમકે દુનિયાની કોઇ વિજેતા કોમ પોતાના સરદારની તાબેદારીમાં રહે છે તો એનો વિજય તે આખી કોમનો વિજય અને એની સરદારી તે આખી કોમની સરદારી ગણાય છે. બીજું એ કે અગર કોઇ માણસ બાદશાહ બની જાય તો તેની એ પ્રતિષ્ઠામાં તેના બધાં જ સગાંસ્વજનો પણ શામેલ હોય છે. અને ત્રીજું કારણ એ કે અગર બાપ બાદશાહ બને તો ખચિત જ દીકરો પણ જો લાયકાત ધરાવતો હશે તો એ પણ બાદશાહ જ બનશે અથવા તો કોઇ મોટા ઓહ્દા પર વિરાજશે.

સવાલ : અગર કોઇ હિન્દુ, ઇસ્લામ કબૂલ કરીને ઇમામે બરહકનો મુરીદ બની જાય તો એ, ઇમામે ઝમાન અલયહિસ્સલામનો રૂહાની ફરઝંદ કેવી રીતે બની શકે? જ્યારે કે તેની રૂહ પર તો હિન્દુ તાલીમનો રંગ ચઢેલો હોય છે.

જવાબ : એ પણ એ રીતે જ ઇમામે ઝમાન અલયહિસ્સલામનો રૂહાની ફરઝંદ બની શકે છે જેવી રીતે હઝરત સલમાન ફારસી (રઝીઅલ્લાહુતઆલાઅન્હુ) હઝરત નબી અથવા ઇમામ અલયહિમુ–સ્સલામના રૂહાની ફરઝંદ બની ગયા હતા : બલ્કે નબી સલ્અમે તેમને એહલેબૈતમાં ગણી લીધા હતા : હાલાં કે તેવણ પોતાના પુર્વજીવનમાં અગ્નિપુજક હતા.

(૨) અગર કોઇ તળાવમાં ગંદુ ને મેલું પાણી ભરેલું હોય તો તેને બહુ સહેલાઇથી પાક સાફ બનાવી શકાય છે તે એવી રીતે કે કોઇ નહેરમાંથી એ તળાવમાં સ્વચ્છ પાણી વહાવી દેવામાં આવે અને અમુક વખતને માટે એ પાણીને વહેતું જ રાખવામાં આવે કે જેથી પેલું તાજું પાણી તેમાથી ગંદા પાણીને પણ પોતાની સાથે વહાવીને લઇ જાય અને તળાવમાં સાફ પાક પાણી જ રહી જાય.

(૩) આ પહેલાં જણાવાઇ ચૂકયું છે કે રૂહો, વિચાર, ધ્યાન, મહોબ્બત, તાલીમ ભલી દુઆઓ વગેરેની લહરીઓથી પોતાનાં અને પરાયાંમાં આવજા કરતી રહે છે, જેમાં પેલા તળાવના ગંદા પાણીની જગ્યાએ પાક પાણી ભરાઇ જવાની પેઠે નાપાક રૂહો નીકળી જઇને પાક રૂહોજ બાકી રહી જાય છે.

(૪) જો કે આ વાત તો સર્વવિદિત છે કે ઇન્સાનની અંદર ત્રણ રૂહો છે અને ઇન્સાને કામિલ (પરિપૂર્ણ ઇન્સાન)માં ચાર (૪) રૂહો હોય છે : તો પણ આ એક નકકર હકીકત છે કે એ ત્રણ અથવા ચારેય રૂહોના બધા જ ઝર્રાત (અણુઓ) અગણિત હોય છે : ખુદાવંદે આલમીન સિવાય તેની સંખ્યા કોઇ ગણી શકતું નથી. તો એ અસંખ્ય રૂહોમાંથી એક રૂહ ઇન્સાનના અહમ (હું પદ અથવા **EGO**)ના કેન્દ્ર પર કાર્યશીલ હોય છે બાકીની રૂહોનો સંબંધ જે જે અવયવોથી હોય ત્યાં ત્યાં તે કામ કરતી રહે છે પરંતુ એ બધીયે રૂહો કેન્દ્ર પર કબ્જો કરી લેવાની કોશીશમાં હોય છે. તો ઝિક્ર અને ઇબાદતના પરિણામે એ રૂહો (ઝર્રાત—

અણુઓ)ને એવી શક્તિ પ્રાપ્ત થાય છે કે તે રૂહના કેન્દ્રિય અણુ દ્વારા ખુદાના નૂરમાં ઓતપ્રોત થઇ જાય છે અને નજીકનો કોઇ અણુ એ વખતે કેન્દ્ર પર આવે છે અને ઇબાદત દ્વારા એ જ ક્રમ અવિરત ચાલતો રહે છે. આ અવસ્થાને જ સુફીઓની પરિભાષામાં તેહલીલે નફ્સ (મનોનાશ) અથવા તઝકીયએ નફ્સ (મનની શુદ્ધિ) કહેવામાં આવે છે.

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

## પ્રકરણ ૯ મું

# ઇમામ—હિદાયતના મુળ મંડાણ છે.

સુરહ કસસની આયત ૪૧માં ઇર્શાદ છે કે,

**"વજઅલ્ના હુમ અઇમ્મતંયદઉન ઇલન્નાર વ યવમલ કિયામતે લા યુન્સેરૂન"**

યાને અમે એઓને પેશવા બનાવ્યા જેઓ આગ તરફ બોલાવતા હતા અને કિયામતના દિવસે તેઓને કંઇ પણ સહાય કરવામાં નહિ આવે.

કુર્આનની આ આયતની હિકમતમાં ફિરઓન અને હામાન તથા એવાજ બીજા કાફિરોના સરદારો તરફ ઇશારો છે જેઓ, લોકોને દોઝખની આગ તરફ બોલાવતા હતા. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે નાફરમાની ગુમરાહી અને કુફ્રનાં કામ જો કે સહેલાં લાગે છે પરંતુ એ વસ્તુઓ પણ સરદાર વગર થઇ શકતી નથી તો પછી ફરમાનબરદારી હિદાયત અને ઇમાન વગેરે ઉત્તમ કાર્યો પેશવા અર્થાત ઇમામ વગર કેમ શક્ય હોઇ શકે?

વળી એ પણ જાણવું જોઇએ કે અગર કાનુને કુદરત મુજબ. લોકોને સાચા રસ્તાથી હટાવવા અને ગુમરાહ કરવા માટે કોઇ રેહબર હોવો જરૂરી છે તો પછી તેની સામે લોકોને સન્માર્ગ તરફ દોરવનારનું અસ્તિત્વ એથી પણ વધારે જરૂરી છે જે, તેઓને જન્નતમાં લઇ જઇ શકે અને એજ હોય છે હકના ઇમામ અલયહિસ્સલામ.

પરવરદિગારે આલમ જે માણસને કુફ્રનો સરદાર બનાવે છે

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

તો તેને એમ જ માત્ર નામનો જ સરદાર નથી બનાવતો પરંતુ તેને જાહેરી અને ભૌતિક સાધનસંપતિ અથવા વિવિધ જાતના જાહેરી જ્ઞાન વિજ્ઞાનથી પણ વિભુષિત કરે છે; અને તે વડે જ એ માણસ (કુફ્રનો સરદાર), લોકોને સન્માર્ગ પરથી ભુલા પાડી દઇને ગુમરાહ કરી જહન્નમ તરફ દોરી જવામાં સફળ થઇ શકે છે. જેમકે કુર્આને શરીફમાં છે કે,

**વ કાલા મૂસા રબ્બના ઇન્નકા આતયતા ફિરઓના વ મલાઅહુ ઝીનતંવવ મવાલંફીલ હયાતુ દુનિયા લયઝલ્લૂ અન સબીલકા (૯/૮૮)**

અને મૂસાએ કહયું; હે મારા પરવરદિગાર ખચિત તેં ફિરઓન અને તેના સરદારોને સાધન સંપતિ આપ્યાં છે દુન્યવી જીંદગીમાં: તે વડે તેઓ તારા માર્ગથી લોકોને કુમાર્ગે ચઢાવી દયે છે."

તો આ ઉપરથી એ જરૂરી થઇ પડે છે કે ખુદાવંદે આલમીન, ઇમાનના સરદારોને યાને ઇમામ અલયહિસ્સલામને પણ (દૈવી) સાધન સંપતિથી વિભુષિત કરે, કે જે વડે તેઓ, લોકોને હિદાયત કરતા રહે. કેમકે લોકો સ્વભાવગત જ સાવ સાધન સંપન્ન નહોય એવી વ્યકિત તરફ ધ્યાન આપતા નથી કે આકર્ષાતા નથી. તેથી ખુદાવંદતઆલાએ ઇમામે બરહક (અ.સ.)ને પણ રૂહાની સંપતિથી તાલેવંત બનાવ્યા છે અને તે ઇલ્મ તથા હિકમતના સ્વરૂપમાં છે જે દ્વારા અક્કલ અને જ્ઞાન ધરાવતા લોકો ઇમામ તરફ ખેંચાઇને આવે છે.

પ્રસ્તુત આયતે કરીમાની હિકમત એ પણ છે કે કયામતના દિવસે યાને રૂહાનિયતના યુગમાં કુફ્રના સરદારોને કંઇ મદદ મળી નહિ શકે...તો એ સ્પષ્ટ થયું કે, બીજી તરફ ઇમાનના સરદારોને મદદ આપવામાં આવશે યાને વિજય અને સફળતા પવિત્ર ઇમામો તથા તેમના તાબેદારોને જ પ્રાપ્ત થશે. (એ બુઝુર્ગવારો પર ખુદાના સર્વોત્તમ સલામો).

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

## પ્રકરણ ૧૦ મું

# ઇમામના સબ્ર અને ધીરજનો ભાવાર્થ

સુરહ સજદાની આયત ૨૪મીમાં ઇર્શાદ છે કે,
**"વજઅલ્ના મિનહુમ અઇમ્મતં યહદુન બિ અમ્રિના લમ્મા સબ્રો વ કાનુ બિ આયાતિના યુકેનુન."**

અને અમે તેઓમાંથી ઇમામ બનાવ્યા જ્યારે તેઓ સબ્ર અને અમારા આદેશ મુજબ હિદાયત કરતા હતા અને તેઓ અમારી આયતો (યાને રૂહાની મોજિઝા) પર યકીન રાખતા હતાં.

આ પવિત્ર આયતનો ખુલાસો એ છે કે અલ્લાહતઆલાએ પયગમ્બરોના જ તત્વમાંથી ઇમામો બનાવ્યા જ્યારે કે તેઓએ જાહેરી અને બાતુની પરીક્ષણોમાં સબ્ર ધારણ કરી. પયગમ્બરો તથા ઇમામો ઉપર જે જાહેરી પરીક્ષાઓ આવે છે તે તો બધા જાણે છે પરંતુ તેમની જે બાતુની પરીક્ષાઓ લેવામાં આવે છે તે વિષે બહુ ઓછા લોકો જાણકાર હોય છે તો જાણવું જોઇએ કે એ પરીક્ષાઓ નિર્મળ રૂહાની પ્રકારની હોય છે જે ઇલ્મ તથા હિદાયતથી ભરપૂર હોય છે જે દ્વારા ઇમામના ફરઝંદો દીનના વિવિધ તબકાઓ (મર્તબાઓ) ક્રમવાર પસાર કરતા કરતા પ્રગતિની ટોચ પર પહોંચે છે અને છેવટે ઇમામતની પદવી પર આરૂઢ થઇ જાય છે.

આ ઇર્શાદે ઇલાહી પરથી એ પણ સમજાય છે કે સત્યપૂર્ણ ઇમામો (અલયહિમુસ્સલામ) અલ્લાહતઆલાના આદેશથી લોકોને હિદાયત કરતા રહે છે જેનો એ અર્થ થયો કે ઇમામ અલયહિ-સ્સલામ જે કંઇ હિદાયત કરે છે તે હકીકતમાં ખુદા તરફની જ

હિદાયત હોય છે અને એ રીતે ખુદાવંદતઆલાના આદેશો દુનિયા પર સદોદિત ઉતરતા રહે છે.

જાણવું જોઇએ કે જે હિદાયત ખુદાના આદેશથી થતી હોય છે એ જ સાચી હિદાયત હોય છે. તેમાં મંઝિલે મકસૂદ તરફની સાચી દોરવણી, દરેક મુશ્કેલ સવાલના સાચા જવાબો અને સ્થળકાળ અનુસારના કાયદાઓનો સાચો ઉકેલ સમાયેલો હોય છે.

અલ્લાહતઆલાની નિશાનીઓ પર ઇમાન લાવવા અને તેના પર શ્રધ્ધા રાખવામાં મોટો ફરક છે. કેમકે ઇમાન સામાન્ય પણ છે અને વિશિષ્ઠ પણ, પરંતુ શ્રધ્ધા (યકીન) સર્વ સામાન્ય નથી પણ વિશિષ્ઠ જ છે. જેથી ઉપરોકત આયતમાં જે કહેવાયું કે અઇમ્માએ તાહેરીન (અલયહિમુસ્સલાંમ) અલ્લાહતઆલાની નિશાનીઓ પર યકીન ધરાવે છે તે એ વાતની સાબિતી છે કે એ પ્રતિષ્ઠાવંત ઇમામો (અલયહિમુસ્સલામ) ઇલ્મુલયકીન અયનુલ યકીન અને હકકુલ યકીનની બધી જ વિશેષતાઓથી પૂર્ણ પરિચિત હોય છે અને ખુદાની કોઇ નિશાની તેઓથી છાની નથી હોતી.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

આ બધી વાતોનો સંબંધ ઇમામની ઓળખાણથી છે યાને આ બધી વાતો એ લોકોના લાભાર્થે છે જેઓ ઇમામતની માન્યતા ધરાવે છે અને ઇમામશનાસીની કોઇ ને કોઇ મંઝિલ પર પહોંચેલા હોય છે, તે સિવાયના બીજા કોઇને તેનો ફાયદો મળતો નથી.

## પ્રકરણ ૧૧ મું

# ઇમામના નુરમાં વસ્તુમાત્ર સમાયેલી છે

**સુરહ** યાસીનની ૧૨મી આયતમાં ઇર્શાદ છે કે,

**"ઇન્ના નહનુ નુહિયલ મવતા વન્કતોબુ માકદ્દમુ વ આસારહુમ વ કુલ્લ શયઇન અહસયનાહુ ફી ઇમામિમ્મુબીન"**

**બેશક અમે મરેલાંને જીવતાં કરીએ છીએ અને લોકો જે કરણી પોતાની આગળ મોકલતા રહે છે તેને તથા જે કાર્યો તેઓ પોતાની પાછળ છોડતા જાય છે તેને પણ લખતા રહીએ છીએ અને અમે વસ્તુમાત્રને ઇમામે મુબીન (જાહેર ઇમામ)માં સમાવી દીધી છે.**

આ પવિત્ર ઇલાહી ફરમાનની તાવીલ એ છે કે જહાલત અને નાદાનીના મોતમાંથી ઇલ્મ તથા હિકમતની રૂહનું સજીવન થવું અને દુનિયા તથા આખરતની ન્યામતોથી કૃતાર્થ થવું એ વખતે જ બની શકે છે જ્યારે કોઇ માણસ જાહેર ઇમામની મારિફત સુધી પહોંચી જાય. કેમકે ખુદાવંદતઆલાએ પહેલાં મરેલાંને સજીવન કરવાનું ફરમાવ્યું, પછી આખેરત માટેની કરણી અને દુનિયાનાં કાર્યોનાં અવશેષોનો ઉલ્લેખ કર્યો. ને એ પછી ફરમાવ્યું કે એ બધું ઇમામેમુબીનની બરકતવંતી ઝાતમાં સમાવી દેવામાં આવ્યું છે.

તો એ સ્પષ્ટ થયું કે ઇમામે મુબીનની મારિફતના પ્રકાશમાં જ આ બધી વસ્તુઓની અનુભુતી થઇ શકે છે કે કેવી રીતે મરેલાં

જીવતાં થઇ શકે છે અને આખેરતનાં કાર્યો તથા દુન્યવી કાર્યોનાં અવશેષોનો લાભ કેવી રીતે મળી શકે છે.

ઇમામે મુબીનનો અર્થ છે જાહેર અને વર્ણન કરનારા ઇમામ યાને હાઝરનાઝર ઇમામ. જેના પવિત્ર નૂરે અક્લેકુલ્લ અને નફ્સે કુલ્લના સ્વરૂપે પોતાનામાં બન્ને દુનિયાઓને સીમિત તથા લિપ્ત કરી દીધી છે એનામાં જ બધું કંઇ છે અને એનાથી બહાર કંઇ નથી.

મુબીનના અર્થમાં ઇમામ બે સ્વરૂપે જાહેર છે અને બેઉ સ્વરૂપે શારીરિક અને નૂરાની છે યાને ઇમામે આલીમુકામ માનવ સ્વરૂપે પણ જાહેર છે અને નૂરાની આકારમાં પણ પ્રગટ છે. તે શારીરિક સ્વરૂપે પણ બોલવાવાળા છે અને રૂહાનિયતની અવસ્થામાં પણ બોલવાવાળા છે.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

## પ્રકરણ ૧૨ મું

# નુરે ઇમામત—ખુદાની બોલતી કિતાબ

સુરહ એહકાફની આયત ૧૨ માં હકતઆલાનો ઇર્શાદ છે કે,

**વમન કબ્લેહિ કિતાબ મુસા ઇમામંવ વ રેહમતંવવ હાઝા કિતાબે મુસદ્દેકલ્લિસાનં અરબીયં લિયન્ઝરલ્લઝીના ઝલમુ વ બુશરા લિલ મોહુસનીન.**

અને આ પહેલાં મૂસાની કિતાબ હતી (લોકોને માટે) માર્ગદર્શક તથા રેહમત. અને આ કિતાબ જે અરબી ભાષામાં છે તે એની સાહેદી પુરે છે કે જેથી ઝાલિમોને ડરાવે અને સદાચારીઓને ખુશવધાઇ આપે."

હકીકી મોમિનોએ જાણવું જોઇએ કે હઝરત મૌલાના હારૂન અલયહિસ્સલામની પવિત્ર અને પ્રતિભાવંત નૂરાની જ્યોત જ હઝરત મૂસા અલયહિસ્સલામની સાચી કિતાબ હતી. કેમકે આસ્માની કિતાબ વહીની દશામાં એક જીવંત નૂર જ હોય છે અને એ જ અર્થમાં મૂસા અલયહિસ્સલામની કિતાબ લોકોને માટે ઇમામ (રાહબર) તથા રહેમતરૂપે હતી અને ઇમામે આલીમકામનું નૂર એ જ સાચી કિતાબ છે, તે વિષે આ પુસ્તકમાં અગાઉ સ્પષ્ટીકરણ કરી દેવામાં આવ્યું છે.

ઇસ્માઇલી મઝહબની તાવીલી કિતાબોનો અભ્યાસ કરતાં કરતાં આ વસ્તુ અવારનવાર સામે આવતી રહે છે કે તાવીલની પરિભાષામાં કિતાબ, ઇમામ અથવા અસાસને કહેવામાં આવે છે. તદાનુસાર દરેક નાતિક પયગમ્બરના અસાસ, તેની નૂરાની કિતાબ છે. એ રીતે કિતાબે મૂસાનો અર્થ હઝરત મૌલાના હારૂન

અલયહિસ્સલાતો વસ્સલામ જ છે જેમના નૂર મુબારકનું નામ તૌરેત હતું.

ઉપરોક્ત હકીકતથી ઉલ્ટું જો આપણે એમ માની લઇએ કે કુર્આનથી પહેલાં તૌરેત જે સ્વરૂપે પણ પોતાન સમયમાં હતી, તે લોકોને માટે રેહમત અને ઇમામ હતી, તો પછી તેનો અર્થ એવો થશે કે યહુદીઓએ પોતાની આસ્માની કિતાબમાં જે ફેરફાર કર્યા હતા તેમાં ખુદાની ખુશનૂદી તથા હિદાયત હતી!! અને રેહમત પણ હતી!

પણ નહિ—એ વાત તો બરાબર ઘડ બેસતી નથી કેમકે એવી તૌરેત જેની આયતોમાં લોકોએ ફેરફાર કરી નાખ્યો હોય તે લોકોને માટે ઇમામ તથા રેહમત નથી હોઇ શકતી. તેમ કુર્આન પણ તેની સાહેદી પુરી શકતું નથી.